સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક




વર્ષ : ૪૮ અંક : ૨૫૨ જૂનાગઢ તા.૦૫-૧૦-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 252, Junagadh : Date : 05 October, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ૯.૫ કરોડ ખેડૂતોને આજે દિવાળીની ભેટ મળશે પીએમ કિસાન નીધિનો રૂા.૨૦૦૦નો હપ્તો જમા થશે



નવી દિલ્હી તા. ૫ : દેશના ૯.૫ કરોડ ખેડૂતો માટે દિવાળી જેવો માહોલ છે વડાપ્રધાન મોદી ૨૦૦૦ રૂપિયાનો ૧૮મો હપ્તો જાહેર કરવા જઈ રહ્યા છે. સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દર વર્ષે ૬ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી હતી, જે દર ૪ મહિને ૨-૨ હજાર રૂપિયાના હપ્તામાં બહાર પાડવામાં આવે છે. છેલ્લો હપ્તો જૂનમાં બહાર પાડવામાં આવ્યો હતો.વડાપ્રધાન મોદી આજે ખેડૂતોને ૨૦૦૦ રૂપિયાનો હપ્તો જાહેર કરશે ત્યારે દેશભરના ૨.૫ કરોડ ખેડૂતો વેબકાસ્ટ દ્વારા આ યોજનામાં જોડાશે. કોઈપણ યોજનામાં ભાગ લેનારા લોકોની આ સૌથી મોટી સંખ્યા હશે. આમ વડાપ્રધાન મોદીએ દિવાળી પહેલા જ ખેડૂતોનાં ખાતામાં રૂા. ૨૦૦૦નો હપ્તો જમા કરાવવાની જાહેરાત સાથે જ ખેડૂતો માટે નવરાત્રીમાં જ ખેડૂત પરીવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે

## રોકાણકારોને શેરબજારે રાતા પાણીએ રોવડાવ્યા : રૂા.૧૬.૨૬ લાખ કરોડ સ્વાહા



મુંબઈ, તા.૫: છેલ્લા એક સપ્તાહથી શેર માર્કેટમાં મોટી ઉથલપાથલ જોવા મળી રહી છે. સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો કડાકો નોંધાતા રોકાણકારો મુશ્કેલીમાં મુકાયા છે. ૩૦ સપ્ટેમ્બરે શેરબજાર ખુલ્યું ત્યારે રોકાણકારોએ કલ્પના પણ નહીં કરી હોય કે આ અઠવાડિયું તેમના માટે આપત્તિજનક સપ્તાહ સાબિત થશે. ગયા અઠવાડિયે શુક્રવારે શરૂ થયેલો ઘટાડો આ સપ્તાહના શુક્રવાર સુધી ચાલુ રહ્યો હતો. ગયા સપ્તાહે શુક્રવારથી શરૂ થયેલો શેરબજારમાં ઘટાડાનો ટ્રેન્ડ કાલે સતત પાંચમાં દિવસે પણ ચાલુ રહ્યો હતો. શેરબજારમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે રોકાણકારોના લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

નિષ્ણાતોનું માનવું છે કે પશ્ચિમ એશિયામાં વધતા તણાવની સીધી અસર શેરબજાર પર જોવા મળી રહી છે. માર્કેટમાં ૫ દિવસથી ચાલી રહેલા ઘટાડાથી શેરબજારના રોકાણકારોને ૧૬.૨૬ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ પાંચ દિવસના ઘટાડા પછી લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૧૬,૨૬,૬૯૧.૪૮ કરોડ ઘટીને રૂ. ૪,૬૦,૮૯,૫૯૮.૫૪ કરોડ થયું હતું.

## હરીયાણા વિધાનસભાની ૯૦ બેઠકો પર મતદાનનો પ્રારંભ : આજે સાંજથી એકઝીટ પોલ



ચંદીગઢ,તા.૫

દેશમાં આગામી સમયના રાજકારણ માટે અત્યંત નિર્ણાયક સાબીત થઈ શકતી હરીયાણા વિધાનસભાની ચૂંટણીમાં તમામ ૯૦ બેઠકો પર મતદાન શરૂ થઈ ગયુ છે પ્રારંભમાં ભારે મતદાનના સંકેત છે.

રાજયમાં ભાજપને સતત ત્રીજી વખત હેટ્રીક કે કોંગ્રેસનું કમબેક થશે ? તેના પર સમગ્ર મતદાનનો આધાર છે. કુલ ૧૦૩૧ ઉમેદવારોનાં ભાવી ૨.૦૩ કરોડ મતદાતા મતદાન કરી રહયા છે. જેમાં મુખ્યમંત્રી, સૈની પૂર્વ મુખ્યમંત્રી ભુપીન્દર હુડા ટોકયો ઓલિમ્પિક ખેલ મહોત્સવમાં ૧૦૦ ગ્રામ વજનના વિવાદમાં મેડલ ગુમાવનાર હેવીવેઈટ મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટનો પણ સમાવેશ થાય છે.

જે મતદાન પૂર્ણ થયા બાદ તા.૮ ઓકટોબરના રોજ જમ્મુ-કાશ્મીરની સાથે હરીયાણા વિધાનસભાની પણ મત ગણતરી થશે. રાજયમાં આ ચૂંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી અમિત શાહ સહીતના ભાજપનાં હેવીવેઈટ નેતાઓએ પ્રચાર કરીને શાસન વિરોધી પ્રવાહ ખાળવા કોશીશ કરી છે. તો બીજી તરફ લોકસભા ચૂંટણીમાં હરીયાણામાં ૧૦ માંથી પાંચ બેઠકો ભાજપ પાસેથી આંચકી લેવામાં સફળ કોંગ્રેસ પક્ષ માટે વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડા તથા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ કુમારી શૈલજાએ પણ મતદારોના મૂડ મુજબ પક્ષને સતા મળે તે નિશ્ર્ચિત કરવા કોઈ કસર છોડી નથી. જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભાના એકઝીટ પોલ આજે સાંજે આવશે. જમ્મુ કાશ્મીરમાં ગત સપ્તાહે મતદાન સંપન્ન થઈ ગયું હતું અને હરિયાણામાં આજના એક જ તબકકાના મતદાનમાં તમામ ૯૦ બેઠકોને આવરી લેવાઈ છે અને હવે સાંજે ૬.૩૦ બાદ એકઝીટ પોલ જાહેર કરી શકાશે.

રાજકીય દ્રષ્ટિએ હરિયાણાની વિધાનસભા ચૂંટણીના પરિણામ અત્યંત મહત્વના બની રહેનાર છે. જયારે જમ્મુ કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ છે અને ખાસ કરીને કલમ ૩૭૦ની નાબુદી બાદ પ્રથમ વખત યોજાયેલી ચૂંટણીમાં ભારે મતદાન થયું છે અને તેથી જ જમ્મુ કાશ્મીરી જનતાનો મુડ પણ નિશ્ચિત થશે.


## રવિવારે રાજય મંત્રીમંડળની બેઠક બોલાવાઈ : અટકળો

ગાંધીનગર તા. ૫

ગુજરાતમાં એક તરફ નવરાત્રીનાં તહેવારોની ઉજવણી શરૂ થઈ છે અને દિપાવલી સહિતના તહેવારોનો માહોલ પણ બનવા લાગ્યો છે તે સમયે જ એક અચાનક જ સર્જાયેલી રાજકીય ગરમીમાં આવતીકાલે રવિવારે રાજય કેબીનેટની બેઠક બપોરે ૪-૩૦ કલાકે બોલાવાના ચર્ચા-અટકળોનું વાતાવરણ બન્યુ છે.

ગત બુધવારે જ રાજય કેબીનેટની બેઠક મળી હતી અને સામાન્ય રીતે દર સપ્તાહે આ પ્રકારે બુધવારે જ બેઠક મળે છે પણ રવિવારે બપોરે ૪-૩૦ કલાકે કેબીનેટ બેઠક બોલાવવાનું કંઈક અસામાન્ય હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. રાજયના એક સિનિયર મંત્રીને આવતીકાલે કેબીનેટ બેઠક મળનારી હોવાના અહેવાલને સમર્થન આપતા કહ્યું હતું કે અમોને સંદેશ મોકલી અપાયો છે.અને કાલે બપોરે ૪-૩૦ કલાક પૂર્વે સવારે જ ગાંધીનગર પહોંચી જવાની પણ સુચના છે અને આજે સાંજે તેમાં વધુ માહીતી અપાશે. રાજયની ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારે હાલમાં જ ૧૭ સપ્ટેમ્બરે ત્રણ વર્ષ પુરા કર્યા છે. તેમના આ કાર્યકાળમાં પ્રથમ વખત આ રીતે રવિવારે રાજય કેબીનેટની બેઠક મળી રહી છે.

## નવરાત્રીથી દેશભરમાં અર્થતંત્રને બુસ્ટર ડોઝ ૯ દિવસમાં રૂા.૫૦ હજાર કરોડનો વેપાર થશે



નવી દિલ્હી, તા.૫: દેશભરમાં શારદીય નવરાત્રીનો પ્રારંભ થયો છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સ અનુસાર, આ નવરાત્રીમાં દેશભરમાં ૫૦ હજાર કરોડ રૂપિયાથી વધુનો વેપાર થવાની સંભાવના છે. એકલા દિલ્હીમાં ૮ હજાર કરોડ રૂપિયાથી વધુનો વેપાર થશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ તહેવારો દરમિયાન બજારો વધુ ધમધમી ઉઠશે, જેનો વેપારીઓને ઘણો ફાયદો થશે. ગયા વર્ષે લગભગ ૩૫ હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ થયો હતો.

CATના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે કહ્યું કે તહેવારની ખરીદીની ખાસ વાત એ છે કે તેમાં મોટાભાગે ભારતીય ઉત્પાદનો હશે. હવે ચીનમાં બનેલી ચીજવસ્તુઓ પ્રત્યે લોકોનો મોહભંગ થયો છે. ભારતીય ઉત્પાદનોની સારી ગુણવત્તાને કારણે ચાઈનીઝ વસ્તુઓનું વેચાણ ઘટયું છે. દેશભરમાં નવરાત્રી, રામલીલા, ગરબા અને દાંડિયા જેવા ૧ લાખથી વધુ નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેમાં વિવિધ પ્રકારના ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને આધ્યાત્મીક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

## મકાન વેચવાનું છે

ત્રણ માળનું, કાટખુણાનું,
નીચે ત્રણ દુકાન અને ગોડાઉન
અનંત ધર્માલયની સામે,
માંગનાથ રોડ, જૂનાગઢ

દલાલભાઈ આવકાર્ય
સંપર્ક : ૯૪૨૮૪ ૪૧૪૨૭

## કાશ્મીરમાં એન્કાઉન્ટર : બે આતંકવાદી ઠાર

શ્રીનગર, તા. ૫

સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડામાં આતંકવાદીઓના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા. હાલમાં સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. સુરક્ષા દળોને આશંકા છે કે અહીં વધુ આતંકવાદીઓ છુપાયેલા હોઈ શકે છે. કુપવાડામાં આતંકવાદીઓની ઘૂસણખોરીની બાતમી મળ્યા પછી, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ભારતીય સેનાએ સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. શંકાસ્પદ ગતિવિધિની જાણ થયા બાદ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી.

## ઈઝરાયેલે હિઝબુલ્લાહનાં બે હજારથી વધુ સૈન્ય અડ્ડાઓનો સફાયો કર્યાનો દાવો

બૈરૂત તા.૫:

ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસે એવો દાવો કર્યો છે કે ઈઝરાયેલે છેલ્લા ચાર દિવસમાં ૨૦૦૦થી વધુ હિઝબુલ્લાહ લશ્કરી લક્ષ્યોને નષ્ટ કર્યા છે અને લગભગ ૨૫૦ હિઝબુલ્લા લડવૈયાઓને ખતમ કર્યા છે. IDF અનુસાર, હિઝબુલ્લાહ કમાન્ડરોમાં પાંચ બટાલિયન કમાન્ડર, ૧૦ કંપની કમાન્ડર અને ૬ પ્લાટૂન કમાન્ડરનો સમાવેશ થાય છે.

IDF એ વધુમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલની વાયુસેના દક્ષિણ લેબનોનમાં ગુપ્ત માહિતી આધારિત કામગીરી દરમિયાન પણ આગોતરી હુમલાઓ કરી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની એક પોસ્ટમાં. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે એક અપડેટ શેર કર્યું છે

Since 1983
શંખ બ્રાન્ડ
મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



## ટમેટાનાં ભાવ લાલઘુમ કિલોનાં રૂા.૧૦૦

મુંબઈ, તા.૫: નવરાત્રીનો પવિત્ર પર્વ ચાલી રહ્યો છે અને એવા ટાણે તહેવારના અન્ય ખર્ચાઓ માથે હોય છે એવામાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગળહિણીઓનું બજેટ ખોરવાયું છે. તેમાં પણ ખાસ કરીને ટામેટાંના ભાવો વધી જતા ગૃહિણીઓએ પોતાનું કિચનનું બજેટ સાચવવું મુશ્કેલ બન્યું છે. ૨૦ સપ્ટેમ્બર સુધી ૫૦ રૂપિયે કિલોના ભાવે મળી રહેલા ટામેટાંના ભાવ હવે વધીને ૧૦૦ રૂપિયે કિલો થઈ ગયા છે.

## તાત્કાલીક માણસો જોઈએ છે

● દુબઈ ● કુવૈત ● ઓમાન ● માલ્ટા

કારપેન્ટર - મેશન - પ્લમ્બર
ઓફિસ બોય - સેલ્સમેન - વેઈટર

ઉંમર
૨૨ થી ૪૫ વર્ષ

ફક્ત પાસપોર્ટ ધરાવતા વ્યકિતએ
જ કોન્ટેકટ કરવો

મો. ૯૫૧૦૮ ૨૨૮૪૧/૬૪૫૪૯ ૬૯૭૨૯

વિઝા / ટિકીટ
આવે પછી પેમેન્ટ




## ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪ ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

## સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો
સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ
લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

# મંત્રી કુંવરજી બાવળીયા અને ભાનુબેન બાબરીયાના હસ્તે દેવડા ખાતે સૌની યોજનાના ડોન્ડી નદી સુધી પાઇપ લંબાવવાના કાર્યનું ખાતમુહૂર્ત




**રાજકોટ તાલુકાના ૪૧ ગામોને પાણી પહોંચાડવા રૂા.૨૩૫ કરોડના ખર્ચે ત્રંબા ખાતે નવું પમ્પિંગ સ્ટેશન બનાવાશે : જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા : સૌરાષ્ટ્રના ગામે ગામને સૌની યોજના મારફત સિંચાઈ તથા પીવાના પાણીનું જતન તથા સંચય કરવા માટે પ્રેરણા આપતા મંત્રી ભાનુબહેન બાબરીયા : સૌનીની લિંક-૩ના પેકેજ-૧૦માં દ્વારકાના છેવાડાના ત્રણ ડેમ વર્તુ, કબરકા તથા સોનમતીને જોડવાનું પણ આયોજન**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૫

રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે આજે આણંદપર તથા દેવડા ગામ ખાતે સૌની યોજનાની લિંક-ત્રણના પેકેજ ૧૦ હેઠળ પાઈપલાઈનને ડોન્ડી નદી સુધી લંબાવવાના રૂપિયા ૩.૪૮ કરોડના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોધિકા તાલુકાના દેવડા ગામના લેઉવા પટેલ સમાજ ખાતે આયોજિત જનસભાને સંબોધિત કરતાં મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ડોન્ડી ડેમ ભરવા માટેની ફીડર લાઈનની કામગીરી આશરે રૂા. ૩.૪૮ કરોડના ખર્ચે થનાર છે. જે અંતર્ગત જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આણંદપર ગામમાં ૨૫૧૧ મીટરની ૫૦૦ એમ.એમ. વ્યાસ ધરાવતી પાઈપલાઈન નાખવામાં આવશે. આ કામગીરી થતાં લોધિકા તાલુકાના છાપરા, દેવડા, મોટાવડા, પાંભર ઈટાળા, લક્ષ્મી ઈટાળા, પડધરી તાલુકાના નાનાવડા અને નાના ઈટાળા વિગેરે ગામોને લાભ થશે. મંત્રી કુંવરજીભાઈએ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સર્વે કરાવીને, સૌરાષ્ટ્રને હરિયાળો બનાવવાના ઉદ્દેશ્ય સાથે, વર્ષ ૨૦૧૩માં રૂપિયા ૧૦ હજાર કરોડથી વધુની રકમની સૌની યોજનાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયોને નર્મદાના નીરથી ભરવાનું આયોજન હતું. જેમાંથી ૧૧ જિલ્લાના ૯૯ જેટલા ડેમોમાં નર્મદાનીર પહોંચી ચુકયા છે અને બાકીના ડેમોને ભરવાની કામગીરી પણ ગતિમાં છે. મંત્રી કુંવરજીભાઈએ ઉમેર્યું હતું કે, લિંક-૩ના પેકેજ-૧૦માં દ્વારકાના છેવાડાના ત્રણ ડેમ વર્તુ, કબરકા તથા સોનમતીને જોડવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સૌની યોજના લિંક-૩ના પેકેજ-૧૦ના કામની શરૂઆત, લિંક-૩ પેકેજ-૭ને આગળ વધારીને થશે. પાઈપની પથરેખાની સાંકળ ૨૧૬.૦૫૩ કિ.મી.થી આ પાઈપલાઈન શરૂ થનારમાંથી પાણીનું વહન ગ્રેવીટી ફ્લોથી થનાર છે. આ પાઈપલાઈનની કુલ લંબાઈ કબરકા અને ડોન્ડીફીડર પાઈપલાઈન સાથે આશરે ૧૬,૩૯૩ મીટર છે તેમજ આ કામનો કુલ ખર્ચ આશરે રૂા.૩૨.૭૮ કરોડ થશે. તેનાથી વર્તુ જળાશય હેઠળના સાત ગામો, કબરકા જળાશય હેઠળના છ ગામો, સોનમતી જળાશય હેઠળના આઠ ગામો, ડોન્ડી જળાશય હેઠળના પાંચ ગામોને કામની પથરેખા ઉપર આવતા સાત ગામો મળી કુલ ૩૨ ગામોને લાભ થશે. સૌરાષ્ટ્રને જળ સમૃદ્ધ કરી દેવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે છેલ્લા બે વર્ષમાં સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રને મહત્તમ પાણી આપ્યું છે, તેનો ઉલ્લેખ કરતા મંત્રી કુંવરજીભાઈએ કહ્યું હતું કે, સૌરાષ્ટ્રમાંથી પસાર થતી સૌની યોજનાની વિવિધ પાઈપલાઈનની આસપાસ ત્રણ કિલોમીટરના વિસ્તારમાં જો કોઈ ચેકડેમ કે જળાશય હશે તેને પણ આ પાઈપલાઈન સાથે જોડીને પાણીથી ભરી દેવામાં આવશે. મંત્રી કુંવરજીભાઈએ રાજકોટના ત્રમ્બા ખાતે નવા પમ્પિંગ સ્ટેશનની યોજનાની જાહેરાત કરતા કહ્યું હતું કે, રાજકોટ તાલુકાના ૪૧ ગામોને પાણી મળી રહે તે માટે રૂા.૨૩૫ કરોડના ખર્ચે ત્રંબા ખાતે નવું સ્ટેશન બનશે. ટૂંક સમયમાં જ આ યોજનાના કામો શરૂ થઈ જશે. મંત્રી કુંવરજીભાઈએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં થયેલા પાણી પુરવઠા તથા જળસંચય વિવિધ કામો તેમજ જૂથ પાણી પુરવઠા સુધારણા યોજનાની વિગતો પણ આપી હતી. અને સૌને નવરાત્રિની શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના ગામે ગામને સૌની યોજના મારફત સિંચાઈ તથા પીવાના પાણી પહોંચાડવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેમને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર સાકાર કરી રહી છે. આજે સૌની યોજનાના લીધે આપણા આંગણા સુધી નર્મદાના નીર પહોંચી રહ્યા છે. ત્યારે પાણીનું જતન તથા સંચય કરવા માટે પણ તેમણે ઉપસ્થિતોને પ્રેરણા આપી હતી. ગ્લોબલ વોર્મિંગના સમયમાં વધુ વૃક્ષો વાવવા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલા "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત ધરતીને હરિયાળી બનાવવાના અભિયાનમાં જોડાવા માટે મંત્રીરિ ભાનુબેને બધાને આહવાન કર્યું હતું. આ પ્રસંગે કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ વરસાદી પાણીને ધરતીમાં ઉતારીને જળ સંગ્રહ કરવા અપીલ કરી હતી.

# માણાવદર તાલુકાના નાનડીયા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

**સેવાસેતુ થકી સરકારશ્રીની વિવિધ યોજનાઓથી નાગરિકો લાભાંવિત થયા : માણાવદર તાલુકાના નાનડીયા ગામમાં સેવા સેતુનો ઉદ્દેશ સિદ્ધ થયો : અરજદારોની તમામ ૧૭૭૦ અરજીનો સ્થળ ઉપર જ હકારાત્મક નિકાલ કરાયો**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

રાજ્ય સરકારના પારદર્શક અને સંવેદનશીલ વહીવટી તંત્રને વધુને વધુ પ્રજાલક્ષી બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિગત રજૂઆતોનો સ્થળ ઉપર જ નિકાલ કરવા માટે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે. ત્યારે માણાવદર તાલુકાના નાનડીયા ગામની પ્રાથમિક શાળામાં કુલ ૧૬ ગામોનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્ય સરકારની ૫૫ જેટલી વિવિધ સેવાઓ માટેની આનુષાંગિક સુવિધાઓ એક સ્થળ ઉપરથી પુરૂ પાડવાનું આયોજન વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓને આધાર નોંધણી, આધાર કાર્ડમાં સુધારા, રેશનકાર્ડમાં નામ દાખલ કે સુધારો, કમી, ઈ-કેવાયસી, કુંવરબાઈનું મામેરૂ, ફીશીપ કાર્ડ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, નમોશ્રી યોજના, પીએમ JAY યોજના, ઉંમરનો દાખલો, જન્મ અને મરણના પ્રમાણપત્રો, આધાર કાર્ડ સાથે બેંક ખાતાનું જોડાણ, જનધન યોજના અન્વયે બેંક ખાતુ ખોલવાની કામગીરી વગેરે જેવી રાજ્ય સરકારની અનેકવિધ સુવિધાઓનો લાભ એક જગ્યાએથી આપવામાં આવ્યો હતો. નાગરિકોને વિવિધ યોજનાઓની જાણકારી આપવાની સાથે જરૂરિયાતમંદ લાભાર્થી સુધી આ યોજનાઓ પહોંચે તે માટે વિવિધ કચેરીઓના સ્ટાફ દ્વારા જાણકારી આપવામાં આવી હતી. આ સેવા સેતુ કાર્યક્રમમાં કુલ ૧૭૭૦ અરજીઓ કરવામાં આવી હતી. આ અરજીઓ ધ્યાને લઈ વહીવટી તંત્ર દ્વારા ઝડપી સેવા પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે તમામ અરજીઓનો ત્વરિત હકારાત્મક નિકાલ કરાયો હતો. આ કાર્યક્રમમાં માણાવદર તાલુકાના નાનડીયા ગામે તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર સહિત ગામમા પદાધિકારી તથા તાલુકાના તમામ વિભાગના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# "આંતર રાષ્ટ્રીય બાલિકા દિવસ" અંતર્ગત ડો. સુભાષ એકેડેમી તથા જ્યોતિ વિદ્યાલય બંધાળા ખાતે કિશોરી સંમેલન ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીના ભાગ રૂપે કિશોરી સંમેલનનું આયોજન જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી જૂનાગઢ દ્વારા "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત ડો. સુભાષ એકેડેમી તથા જ્યોતિ વિદ્યાલય બંધાળા જૂનાગઢ ગ્રામ્ય ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સોજીત્રા સાહેબ તેમજ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી ભાડ સાહેબ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું. જેમાં આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસના મહત્વ, પોષણ, આરોગ્ય, બાળ લગ્ન તેમજ શિક્ષણનું જીવન માં મહત્વ અંગે ચર્ચા કરવામાં આવી અને સંસ્થા ની બહેનોના ચાર ગ્રુપ બનાવી લિંગભેદ, ઘરેલુ હિંસા, કિશોરા અવસ્થા, મહિલા લક્ષી યોજનાઓ આ ચાર મુખ્ય મુદ્દાઓ અંગે ગ્રુપ પ્રવુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં DHEW ટીમના કૃપાબેન ખુંટ, ડેર મિનાક્ષી તેમજ OSC ટીમ વતી અંકિતાબેન ભાખર, (FHW)મનીષાબેન, શાળાના આચર્ય, શિક્ષણગણ તેમજ બહોળી સંખ્યામાં કિશોરીઓ ઉપસ્થિત રહી આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# કચ્છ જિલ્લાના ચાડવા રખાલમાં રૂપિયા ૧૦ કરોડના ખર્ચે નિર્માણ થશે કેરેકલ-હેણોતરો બ્રિડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર




**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વન્ય પ્રાણી સપ્તાહ ઉજવણી દરમ્યાન મહત્વપૂર્ણ ભેટ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૫

કચ્છ જિલ્લાના સામત્રા ગામ નજીકના ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ(હેણોતરો) બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા રાજ્ય સરકાર ૧૦ કરોડ રૂપિયા ફાળવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના માંડવીમાં શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ ખાતે આયોજીત એક સમારોહમાં આ જાહેરાત કરી હતી. સમગ્રદેશમાં અતિ દુર્લભ તથા ગુજરાતમાં માત્ર કચ્છ જિલ્લામાં જ જોવા મળતા કેરેકલ (હેણોતરો)ના લાંબા ગાળાના સંરક્ષણ અને સંવર્ધન માટે આ વિસ્તારને કેરેકલ પ્રજનન અને સંરક્ષણ વિસ્તાર તરીકે વ્યવસ્થાપિત કરવામાં આવશે. કચ્છની મહત્વની પ્રાકૃતિક ધરોહર સમા આ ચાડવા રખાલ ખાતે કેરેકલ-હેણોતરો ઉપરાંત દિપડા, મગર, ચિંકારા, ઘોર ખોદીયું, શિયાળ જેવા ૨૮ જેટલા સસ્તન, ૨૮ સરિસૃપ અને ૨૪૨ વિહંગ પ્રજાતિ મળી કુલ ૨૯૬ જેટલી પ્રજાતિની પ્રાણીજ વૈવિધ્યતા જોવા મળે છે. એટલું જ નહિ, ૨૪૩ જેટલી પ્રજાતિની વાનસ્પતિક વૈવિધ્યતા પણ આ વિસ્તારમા છે. વન્યજીવ તથા વાનસ્પતિક સંશોધનકારો માટે પોટેન્શિયલ ધરાવતો આ વિસ્તાર ઈકો ટુરિઝમ એક્ટીવીટીની પણ સંભાવના ધરાવે છે. આ ચાડવા રખાલની ૪૯૦૦ હેક્ટર જમીનનો કબ્જો કચ્છના પુર્વ રાજવી પરિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં રાજ્ય સરકારને સોંપ્યો હતો. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ અને સંવર્ધન માટે ચાડવા રખાલની આ જમીન વન વિભાગને સોંપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ (હેણોતરો) બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા ૧૦ કરોડ રૂપિયા ફાળવીને વન્યપ્રાણી સપ્તાહની હાલ ચાલી રહેલી ઉજવણી દરમ્યાન મહત્વપૂર્ણ ભેટ આપી છે.

### અવસાન નોંધ

રાજકોટ : સ્વ. ચંદુલાલ રણછોડદાસ કુંડલિયા, જે ઉર્મિલાબેનના પતિ, કૃષ્ણકુમાર(આસિસ્ટન્ટ કમિશનર, કસ્ટમ્સ અને CGST), દર્શિતભાઈ(EPFO), ડો. દર્શનભાઈ (સાયન્ટિસ્ટ, USA) અને ડો. માલાબેન(પ્રિન્સિપાલ, કોટક કન્યા વિનય મંદિર)ના પિતાશ્રી તથા સ્વ. મનસુખલાલ, સ્વ. હીરાલાલ, સ્વ. ધીરજલાલ, કાંતિલાલ, હરસુખલાલ, સ્વ. ભૂપતલાલના ભાઈ તથા સ્વ. મથુરદાસ જીવણદાસ નાથવાણીના જમાઈ, રાજેન્દ્રભાઈના બનેવી, દેવેન્દ્રકુમાર સાતા, પારૂલબેન, ડો. આરતીબેન તથા નિરાલીબેન(US)ના સસરા,(પાર્થ, ક્રિપા, શુચિ તથા રિયા ના દાદા અને હર્ષવર્ધન સાતાના નાના તથા નૈસર્ગીના દાદાજી) - US તા.૪-૧૦-૨૦૨૪ આસો સુદ બીજને શુક્રવારના રોજ બ્રહ્મલીન થયા છે. જેમની પ્રાથના સભા તારીખ ૭-૧૦-૨૦૨૪, સોમવારે સાંજે ૫ થી ૬ રાષ્ટ્રીય શાળા મધ્યસ્થ ખંડ, રાજકોટ ખાતે રાખેલ છે.

જૂનાગઢ : ચિખલોદરા નિવાસી પ્રશ્નોરા બ્રાહ્મણ સ્વ. શ્રી ઈન્દુભાઈ જીકુલાલ મહેતા તે મનોરમાબેનના પતિ અને હિતેશ અને જાનવી અને સચિનના દાદાનું તારીખ ૨૪ શુક્રવારના રોજ શ્રી ચરણ પામ્યા હતા. તેમનું બેસણું સોમવાર તારીખ ૭-૧૦-૨૪ના રોજ શિવ મંદિર ચિખલોદરા મુકામે સાંજે ૫થી ૬ રાખવામાં આવેલ છે.

## કલ્યાણપુરના ગાગા મુકામે સિંધવી માતાજીના સાનિધ્યમાં ધર્મોત્સવ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

હાલાઈ લોહાણા જ્ઞાતિના કાનાણી પરિવારના કુળદેવી શ્રી સિંધવી માતાજીના ગાગા (તા. કલ્યાણપુર) ગામે વિજયા દસમી નિમિત્તે માતાજીના હવનનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.


ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ...
તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

૨૫૧૨૩
બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# મહાત્મા ગાંધી નર્સીંગ કોલેજ જૂનાગઢ ખાતે સંસ્કૃત લોકસ્વીકૃત કેવી રીત બને તે હેતુ વિચાર ગોષ્ઠી યોજાઇ

## કોમ્પ્યૂટર પણ અન્ય ભાષાની સરખામણીએ સંસ્કૃત ભાષાને સરળતાથી સ્વીકારે છે : પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી

જૂનાગઢ, તા. ૫

જૂનાગઢની મહાત્મા ગાંધી નર્સીંગ કોલેજ ખાતે નાગરપુરથી પધારેલ દેવપૂજારીજીની અધ્યક્ષતામાં સંસ્કૃત લોકસ્વીકૃત કેવી રીતે બને તે દિશામાં વીચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે શ્રી દેપુજારીજીએ સંસ્કૃતની વાત કરતા જણાવ્યુ હતુ કે 'વસુદેવ કુટુમ્બકમ'નું સૂત્ર આપનાર સંસ્કૃત આપણી પ્રાચીન સાંસ્કૃતિક વારસાના પ્રતિક જેવી ભાષા આપણી વચ્ચે દિવસે-દિવસે સિમિત બનતી જાય છે. સંસ્કૃતનું મહત્વ સમજવામાં આપણી આંખે જે આધુનિક વિશ્વના ચમકારાથી અંધારા આવી ગયા છે તે ટેકનોલોજી અને વિજ્ઞાનને હવે ભારતની મૂળભૂત ધરોહર અને સર્વ ભાષાની જનેતા એવી સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાય છે.માત્ર ભારતની જ નહીં વિશ્વની પ્રાચીન ભાષા સંસ્કૃતમાં વિજ્ઞાન, ભાષા સાહિત્ય અને ટેકનોલોજીના ગૃઢ રહસ્યો છુપાયેલાં છે. સંસ્કૃત ભાષા સંપૂર્ણ ભાષા છે, હતી અને કાયમ રહેશે.સંસ્કૃત ભારતની એક શાસ્ત્રીય ભાષા છે ભારતીય-આર્ય ઉપશાખામાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. એ આદિમ-ભારતીય-યુરોપીય ભાષાને ઘણી મળતી આવે છે. આધુનિક ભારતીય ભાષાઓ જેમકે ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, કાશ્મીરી, ઉડિયા, બંગાળી, મરાઠી, સિંધી, પંજાબી, નેપાળી વગેરે આમાંથી જ ઉત્પન્ન થઈ છે. આ બધી ભાષાઓમાં યુરોપીય રોમન ભાષાનો પણ સમાવેશ થાય છે. ધર્મગ્રંથો સંસ્કૃતમાં લખવામાં આવ્યા છે. આજે પણ મોટાભાગના યજ્ઞ અને પૂજાઓ સંસ્કૃતમાં જ થાય છે.

આ પ્રસંગે ભકતકવિ નરસીંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહી યુનિ. દ્વારા ચાલુ વર્ષે ગુજરાતી અને સંસ્કૃત ભવનો કાર્યાન્વીત કરવામાં આવ્યા હોવાની વિગતો જણાવી. યુનિ.નાં અભ્યાસક્રમમાં સંસ્કૃતની ઉપસ્થિતી સમજાવી હતી. ડો. ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે સંસ્કૃત કોમ્પ્યુટરને સમજવુ સહેલુ છે તો આપણે કેમ ના આત્મસાત કરી શકીએ, વિદ્વાનોના વિશ્વએ સંસ્કૃતને ખૂબ જ પવિત્ર, કુદરતી અને વાસ્તવિક ભાષા સ્વીકારી છે. તમામ ધર્મના તત્વચિંતક બુધ્ધિજીવીઓ સંસ્કૃતના ઉપાસક રહેલાં છે. કેમ કે સંસ્કૃતએ પૂર્ણ ભાષા છે.શુધ્ધ ઉચ્ચારણ, ઉચિત વ્યાકરણ, વિવેક અને ભાષા અને વ્યક્તિત્વનો સંપૂર્ણપણે તાલમેલ સંસ્કૃત ભાષા જ જોવા મળે છે. અત્યારે અંગ્રેજીને ગ્લોબલ લેગ્વેંજ માનવામાં આવે છે પણ તેની અનેક મર્યાદાઓ છે. અંગ્રેજી **KNOW** નો અને **NO** નોમાં ઉચ્ચારણ એક છે પરંતુ અર્થમાં ખૂબ મોટો તફાવત છે જ્યારે કે સાઈલન્ટ થઈ જાય છે. તો ક્યાંય સી સાઈલન્ટ થઈ જાય છે. અંગ્રેજીની આ મર્યાદાના કારણે કોમ્પ્યૂટરની ટોકીંગ લેગ્વેંજ માટે સંસ્કૃત સંપૂર્ણ પણે યોગ્ય પૂરવાર થઈ રહી છે.આવનાર દિવસોમાં સંસ્કૃતને વિશ્વનું વિજ્ઞાન ગળે લગાડશે આપણે અહીં સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપનાઓ થઈ ગઈ છે. વિશ્વ જ્યારે સંસ્કૃતને કોમ્પ્યુટરની ટોકીંગ લેગ્વેંજ બનાવવા ભારતની મદદ માંગશે ત્યારે સંસ્કૃતના નિષ્ણાંત હશે તેને કોમ્પ્યુટરનું પણ હોવુ જરૂરી છે., કોમ્પ્યુટરની ટોકીંગ લેગ્વેંજ માટે નિશ્ર્ચિત ઉચ્ચારણ અને તેના અર્થનો તાલમેલ જરૂરી છે.દુનિયાની કોઈપણ ભાષા કોમ્પ્યુટર માટે સંસ્કૃત જેવી પરફેક્ટ નથી. સંસ્કૃત ભાષામાં પ્રત્યેક શબ્દનો ચોક્કસ અર્થ અને એકરૂપતાનું વિજ્ઞાન રહેવું છે. સંસ્કૃત ભાષા 'વસુદેવ કુટુમ્બકમ' પારિવારિકનો આદર શિખવે છે. પરિવારમાં પ્રેમ હોય, પ્રાચિન સંસ્કૃત ભાષાનું મહત્વ હવે વિશ્વને સમજાઈ ચુક્યુ છે. સંસ્કૃત ભાષા વગર વિદ્વતા આવતી નથી. ભારત પોતાની ધરોહર ભૂલી ગયું છે અને દુનિયાભરના દેશોમાં સંસ્કૃત શિખવાની તાલાવેલી લાગી છે.

આ પ્રસંગે ઉપસ્થિત વિઠ્ઠલભાઈ ભટ્ટે જણાવ્યુ હતુ કે સંસ્કૃત ભારતની ઘણી લિપિઓમાં લખાતી આવી છે, પરંતુ મૂળભુત રૂપે તે દેવનાગરી લિપિ સાથે જોડાયેલી ભાષા છે. દેવનાગરી લિપિ મૂળ તો સંસ્કૃત માટે જ બની છે, એટલે એમાં દરેક ચિન્હ માટે એક અને માત્ર એક જ ધ્વનિ છે. દેવનાગરીમાં ૧૨ સ્વર અને ૩૪ વ્યંજન છે. દેવનાગરીમાંથી રોમન લિપિ માં લિપ્યાંતરણ માટે બે પદ્ધતિઓ પ્રચલિત છે. સંસ્કૃત વ્યાકરણ આધુનિક ભાષાઓ બોલનાર લોકો માટે થોડું અઘરૂ છે. ગુજરાતી, હીન્દી જેવી ભારતીય ભાષાઓ બોલનાર લોકો માટે સંસ્કૃત વ્યાકરણ ભલે અઘરૂ રહ્યું છતાં સંસ્કૃત બોલવું એમના માટે અઘરૂં નથી કારણ કે આ ભાષાઓના ઘણાખરા શબ્દો શુદ્ધ સંસ્કૃતના જ છે અથવા સંસ્કૃત શબ્દોનાં અપભ્રંશ છે. સંસ્કૃતમાં સંજ્ઞા, સર્વનામ, વિશેષણ અને ક્રિયાના વિવિધ પ્રકારના શબ્દ-રૂપો બનાવવામાં આવે છે, જે




વ્યાકરણિક અર્થ પ્રદાન કરે છે.

આ પ્રસંગે મહાત્મા ગાંધી નર્સીંગ કોલેજનાં કેમ્પસ ડાયરેક્ટર અમુભાઈ પોંકીયાએ અતિથીઓને આવકારી સૌનું પુષ્પ અને શાલથી બહુમાન કર્યુ હતું. અમુભાઈ પોંકીયા અને સંસ્થાનાં કર્મયોગી ઉમેદ ગામીએ મહાત્મા ગાંધી નર્સીંગ કોલેજમાં સંસ્કૃત સંભાષણનાં વર્ગથી છાત્રોની સંસ્કૃત પરત્વેની રસ રૂચિની વાત કરી હતી.

મહાત્મા ગાંધી નર્સીંગ કોલેજનાં પ્રિન્સીપાલ પ્રો. સંદિપકુમાર ચૌબીસાએ વિદ્યાર્થીઓની સંસ્કૃત ક્ષેત્રે રસ અને રૂચિની વાત કરતા જણાવ્યુ હતુ કે આપણું આયુર્વેદ શાસ્ત્ર સંસ્કૃતમાં ચરક અને સૃશ્રૃત ગ્રંથોથી ઘણું કહી જાય છે ત્યારે આરોગ્યક્ષેત્રે અભ્યાસરત અમારી સંસ્થાનાં વિદ્યાર્થીઓ સંસ્કૃતભાષા સાથે સંકળાય તે દિશામાં અમો આવનાર દિવસોમાં યુનિ.નાં સંસ્કૃતભવન સાથે સંકલન કરી વિદ્યાભ્યાસમાં એક છોગુ ઉમેરીશું.

# ખંભાળિયામાં 'બેટી બચાઓ બેટી પઢાઓ' સપ્તાહની ઉજવણી કરાઇ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૫

'આંતર રાષ્ટ્રીય બાલિકા દિવસ' અંતર્ગત 'બેટી બચાઓ બેટી પઢાઓ' સપ્તાહ ઉજવણીના ભાગરૂપે મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા નશાબંધી અને આબકારી વિભાગનાં સંયુક્ત ઉપક્રમે ખંભાળિયામાં સરકારી વિનયન અને વાણિજય કોલેજ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો. પ્રમોદસિંઘ ચૌહાણ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. નશાબંધી અને આબકારી વિભાગના સબ ઈન્સ્પેક્ટર પી.આર. ગોહિલ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના નશાઓ અને તેની આર્થિક, સામજિક અસરો વિશે માર્ગદર્શન આપી વિભાગની કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા તથા વ્યસન મુક્તિ અંગેના શપથ લેવડાવ્યા હતા. જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. ચંદ્રેશ ભાંભી દ્વારા પુરુષો દ્વારા કરવામાં આવતા નશાઓનો સૌથી વધુ ભોગ મહિલાઓ અને બાળકો બનતા હોય અને એવા સંજોગોમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના વિવિધ માળખાઓ જેવા કે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર કેવી રીતે મદદરૂપ થઈ શકે તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવરાત્રી પર્વ દરમિયાન દરેક મહિલાઓએ સાવચેતીના ભાગરૂપે ક્યા ક્યા પગલાં લેવા તેનાથી અવગત કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો, મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ, નશાબંધી અને આબકારી વિભાગના કર્મચારીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ મોતીબાગ એગ્રીકલચર ખોડીયાર માતાજી મંદિરે હવન યોજાશે



જૂનાગઢ, તા.૪

આસો નવરાત્રી નિમિતે મોતીબાગ એગ્રીક્લચર ખાતે આવેલ ખોડિયાર માતાજીનાં મંદિરમાં આગામી તા. ૯/૧૦/૨૦૨૪નાં રોજ હવન તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં હવનનું બીડું બપોરે ૩ વાગ્યે હોમવામાં આવશે અને મહાપ્રસાદ બપોરે ૧૧ વાગે આપવામાં આવશે. આ પ્રસંગે શહેર ની ૧૦૧બાળા ઓને ગોરણી કરવામાં આવશે. તો આ ધાર્મિક પ્રસંગે શહેરની ધર્મ પ્રેમી જનતા દર્શન તેમજ પ્રસાદ નો લાભ લેવાં શ્રી ખોડિયાર યુવક મંડળ જણાવે છે.


# ખંભાળિયાના બેહ ગામે સોમવારે જુંગીવારા વાછરાભાની જાતરની ભવ્ય ઉજવણી થશે : મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા નજીક આવેલા વિખ્યાત જુંગીવારા ધામ ખાતે દર વર્ષે જાતરની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. જેમાં સૌરાષ્ટ્રભરમાંથી અઢારેય વર્ણના લોકો દર્શનાર્થે આવે છે.

ખંભાળિયા- દ્વારકા ધોરીમાર્ગ પર અત્રેથી આશરે ૩૦ કિલોમીટર દૂર બેહ ગામના પાટીયાથી ૯ કી.મી. દૂર આવેલા સુપ્રસિદ્ધ જુંગીવારા ધામ ખાતે નવરાત્રિના પ્રથમ સોમવારે તા. ૭ ના રોજ જુંગીવારા વાછરાભાઈના મંદિરે જાતરનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં માનવ મહેરામણ સૌરાષ્ટ્રભરમાંથી અહીં દર્શનાર્થે ઉમટી પડશે.



આ ધાર્મિક સ્થળનો ઈતિહાસ પણ આટલો જ ભવ્ય છે. આશરે પાંચસો વર્ષ પહેલા બેહ ગામે આવેલ જુગી નામના જંગલમાં રાક્ષસ રહેતો હતો. તે રાક્ષસ ગામ લોકોને પરેશાન કરતો હતો. તે વખતે ચારણની દીકરી કરમઈબાઈ ભાથુ લઈને પસાર થતા આ અસુરે કુદ્રષ્ટિ કરતા કરમઈબાઈ સાક્ષાત ધરાઅંબા શક્તિનો અવતાર હોવાથી તેમણે વીર વછરાજને સમરણ કરતા જ વિર વછરાજ પ્રગટ થયા હતા અને અહીં જ અસુરને હણીને ચારણની દીકરીની રક્ષા કરી હતી. જે કરમઈબાઈ પ્રગટ થયેલા વછરાજને અહીં બેહ ગામમાં જ રહી ગામનું રક્ષણ કરવાનું કહી, પોતે સમાધિ રૂપે સમાઈ ગયા હતા. ત્યારથી જ વીર વછરાજ જુંગીવારાના નામથી બેહ ગામે પ્રજ્વલિત થયા છે.

આ અંગે ગામના વડવાઓના જણાવ્યા મુજબ આશરે ૨૦૦ વર્ષ પહેલા જામનગર સ્ટેટ તરીકે ઓળખાતા જામસાહેબ દ્વારા સ્ટેટનો બાકી આકાર (કર) માટે વસૂલવા ફરમાન કરવામાં આવ્યું હતું. જેમાં બેહ ગામનો કર બાકી હોવાથી કર ભરવાની મુદત પૂરી થઈ જતા ખાલસા કરવાનો હુકમ જામનગરના સ્ટેટે કર્યો હતો. જેથી ગ્રામજનો દ્વારા વિર વછરાજભાઈની ડેરીએ પ્રાર્થના કરી અને આગેવાનોએ થોડો-ઘણો કર લઈ જામ સ્ટેટના બંગલે પહોંચ્યા ત્યારે જામ સ્ટેટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે બેહ ગામનો કર ભરાઈ ગયો છે. ત્યારે ગામના લોકોનો આ બાબતે પૂછવામાં આવતા જણાવ્યું હતું કે કોઈ ઘોડેસવાર વ્યક્તિ આવીને કર ભરી ગયા છે. જેથી ગામના આગેવાનોએ કહ્યું હતું કે નક્કી જુંગીવારા વાછરાભાઈએ કર ભર્યો છે. હાલ અહીં જુંગીવારા વાછરાભાઈનું ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું છે. બેહ ગામોના આગેવાનો દ્વારા જણાવ્યા મુજબ જુંગીવારા વાછરાભાઈના મંદિર પ્રત્યે શ્રધ્ધાળુઓની માન્યતા છે કે મંદિરની સામે આશરે ૨૧ એકર જેટલી જમીન આવેલી છે. કોઈપણ વ્યક્તિ તેમાંથી લાકડું, દાતણ કે બાવળનો કાંટો પણ લઈ જઈ શકતું નથી. જે લોકો લઇ ગયા હતા તે લોકો પાછા મૂકી ગયાના દાખલા છે. આજે પણ ગામના ધનાણી પરિવારમાં બીડી, હુકો કે ચલમ પીવાતી નથી તેમજ ગામ લોકોના મકાન ઉપર બીજો માળ કરવામાં આવતો નથી.

**પરંપરાગત રમત અને ખીરના પ્રસાદનું મહત્વ**

અહીં જાતરમાં ચારણ ગઢવી સમાજના ભાઈઓ-બહેનો દ્વારા રમાતી પરંપરાગત ચારણી રમત વિખ્યાત છે. જે અહીં જાતરમાં ભાઈઓ બહેનોની રમતની અનેરી જમાવટ જોવા મળશે. આ સાથે વાછરાભાઈના મંદિરમાં ખીરનું નૈવેદ્ય કરવામાં આવે છે. આ મંદિરમાં દર વર્ષે નવરાત્રીના પ્રથમ સોમવારે જાતરની ઉજવણી કરવામાં આવે છે. વછરાજ ભક્તો હજારોની સંખ્યામા ઉમટે છે. બેહ ગામના સરપંચ પ્રવીણભાઈ ગઢવી સહિત ગ્રામજનો દ્વારા બેહ ગામના વડીલોના માર્ગદર્શન હેઠળ જાતરની ભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# વેરાવળ પોલીસ લાઇનમાં નવરાત્રી આયોજનમાં હાજરી આપી પોલીસ પરીવારનો ઉત્સાહ વધારતા જીલ્લા પોલીસ વડા



(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૫

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય પોલીસ અધિકારી વી.આર.ખેંગાર દ્વારા નવરાત્રી તહેવાર સબબ પોલીસ તથા પોલીસ પરીવાર માટે પોલીસ લાઇનમાં નવરાત્રીનું આયોજન કરવા સુચના કરવામાં આવેલ હોય તે અનુસંધાને વેરાવળ સીટી પોલીસ ઈન્સપેકટર એચ.આર.ગોસ્વામી નાઓ દ્વારા વેરાવળ પાટણ દરવાજા પોલીસ લાઈનમાં ભવ્ય નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ છે અને આ નવરાત્રીના પ્રથમ નોરતે પોલીસ તથા પોલીસ પરીવારનાં ઉત્સાહમાં વધારો કરવા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક, વી.આર.ખેંગારે વિશેષ ઉપસ્થિત રહી નવરાત્રીની શુભ શરૂઆત કરી માતાજીની આરતી કરેલ તથા પોલીસ દ્વારા સાયબર જાગૃતી તથા મહીલા હેલ્પ લાઈન-૧૮૧ અભયમની જાગૃતીના લગાવેલ બેનરો સાથે ફોટોગ્રાફી કરી જીલ્લામાં મહીલાઓને શાંતી પુર્વક નિર્ભયતાથી નવરાત્રી તહેવારની ઉજવણી કરવા પ્રોત્સાહીત કરેલ તથા સાયબર ફ્રોડથી બચવા જરૂરી તકેદારી રાખવા સંદેશ આપેલ હતો.

# ખંભાળિયાના પ્લે હાઉસમાં નવરાત્રી સાથે સ્વચ્છતા અને સંદેશ અપાયો



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયામાં આવેલા જાણીતા ફર્સ્ટ સ્ટેપ પ્લે હાઉસ દ્વારા તાજેતરમાં વેલકમ નવરાત્રી પર્વની સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બાળકો હોંશભેર જોડાયા હતા. આ આયોજનમાં બાળકોને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યું હતું. આ તકે પ્લે હાઉસના ટ્રસ્ટી પંકજભાઈ ભટ્ટ તેમજ હેતલબેન ભટ્ટ દ્વારા ઉપસ્થિત સર્વે પાસેથી સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આયોજનમાં મામલતદાર વી.કે. વરૂ, હિતેન્દ્રભાઈ આચાર્ય સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

# રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી મનોજ રાઠોડની બિસ્માર રસ્તા અંગેની સફળ રજૂઆતથી તાત્કાલિક રસ્તાનું કામ પૂર્ણ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૫

મનોજ રાઠોડની સફળ રજૂઆત મોટલ ધ વિલેજથી હરીપર (પાળ) સુધીનો રસ્તો દેવીપૂજક વિસ્તારમાં નીકળતો રોડ કે જે રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં હતો. આ રસ્તા ઉપર ચોમાસામાં પડેલ ભારે વરસાદને કારણે મોટા ખાડા પડી ગયેલ જેથી અવાર નવાર ટ્રાફિકના લીધે અકસ્માત સર્જાતો હતો. પ્રજાજનોને ખુબ જ અગવડ પડી રહી હતી. જે અંગેની રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી તેમજ પૂર્વ પ્રમુખ લોધિકા તાલુકા પંચાયત મનોજ રાઠોડે જી.વી.મિયાણી, ચીફ એક્ઝ્યુંક્યુટીવ, રૂડા અને કમિશ્નર આનંદ પટેલને રજૂઆત કરતા આ બાબત તાત્કાલિક બિસ્માર રસ્તાનું કામ પૂર્ણ કરેલ છે. જે અંગે જી.વી.મિયાણી, ચીફ એક્ઝ્યુંક્યુટીવ, રૂડા અને કમિશ્નર આનંદ પટેલનો આભાર માનેલ છે.

# કલ્યાણપુરના શખ્સને ઓટોમેટીક પિસ્ટલ સાથે ઝડપી લેવાયો: સપ્લાયરની શોધખોળ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ નવરાત્રી પર્વને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ એલસીબી પોલીસ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં સધન તપાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખા દ્વારા ગઈકાલે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા અને હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા ગામે રહેતા ગઢવી નાગાજણ ઉર્ફે નાગડો રણમલ સંધીયા (ઉ.વ. ૪૫) દ્વારા પોતાના કબજામાં રાખવામાં આવેલું દેશી બનાવટનું હથિયાર (પિસ્ટલ) પોલીસે કબજે કર્યું હતું. આ પ્રકરણમાં રૂપિયા ૨૫૦૦૦ ની કિંમતની પિસ્ટલ, રૂપિયા ૭૦૦ ની કિંમતના સાત નંગ કાર્ટીજ તેમજ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૨૬,૨૦૦ ના મુદ્દામાલ સાથે તેની અટકાયત કરી હથિયારધારાની કલમ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ અર્થે તેનો કબજો કલ્યાણપુર પોલીસને સોંપવામાં આવ્યો છે. આ પ્રકરણમાં રાજુ નામના પરપ્રાંતિય શખ્સનું નામ



પણ ખુલવા પામ્યું છે . આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એ.એલ. બારસીયા, એસ.એસ ચૌહાણ, પી.જે. ખાંટ, એસ.વી. કાંબલિયા, અરજણભાઈ ચંદ્રવાડીયા, વિપુલભાઈ ડાંગર, સજુભા જાડેજા, અરજણભાઈ મારૂ, ડાડુભાઈ જોગલ, ખીમાભાઈ કરમુર, ગોવિંદભાઈ કરમુર, લાખાભાઈ પિંડારિયા, સચિનભાઈ નકુમ, હસમુખભાઈ કટારા તેમજ વિશ્વદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સમાજે બદલાવું પડશે

બાળકો અને મહિલાઓ વિરુદ્ધ અપરાધોના કેસોમાં પોલીસના અગંભીર વલણ પર બોમ્બે હાઈકોર્ટની હાલની ટિપ્પણીએ ફરીથી એક સંવેદનશીલ મુદ્દા તરફ ધ્યાન ખેંચ્યું છે, જે ગંભીર ચિંતાનો વિષય છે. ઉલ્લેખનીય છે કે દેશમાં મહિલાઓ અને બાળકો વિરુદ્ધ વધતા અપરાધ એક ગંભીર મુદો બની ચૂક્યો છે, જેની પુષ્ટિ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના આંકડા પણ કરે છે. તે અનુસાર, પાછલાં દસ વર્ષમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધોમાં ૭૫ ટકાનો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે કેટલાક અઠવાડિયાં પહેલાં જ જિલ્લા અદાલતોના સંમેલનમાં વડાપ્રધાન મોદીએ પણ મહિલાઓ અને બાળકોની સુરક્ષાને એક જ્વલંત મુદો ગણાવતાં એવા કેસોમાં ત્વરિત ન્યાયની વાત ઉઠાવી હતી. બાળકો મામલે તો આંકડા હજુ વધારે ખતરનાક છે. એનસીઆરબી અનુસાર ૨૦૨૨માં દેશમાં દર કલાકે બાળકો વિરુદ્ધ સરેરાશ ૧૮ અપરાધ થયા, જે એક ભયાવહ સ્થિતિ છે. આ સ્થિતિ એટલા માટે પણ ખતરનાક છે, કારણ કે ૨૦૨૨ની તુલનામાં ૨૦૨૩માં કુલ અપરાધોની સંખ્યામાં ઘટાડો આવ્યો છે, પરંતુ માત્ર બાળકો વિરુદ્ધ અપરાધોમાં નવટકાનો વધારો થયો છે. સાઈબર અપરાધોએ તેને વધુ ગંભીર બનાવી દીધું છે.

એનસીઆરબીના રિપોર્ટમાં જોવા મળ્યું છે કે ૨૦૨૨માં બાળકો વિરુદ્ધ સાઈબર અપરાધના જે કેસો નોંધાયા તે ૨૦૨૧ની તુલનામાં ૩૨ ટકા વધારે છે. અસલમાં બાળકોની ઓનલાઈન ગતિવિધિઓ, ખાસ કરીને સોશ્યલ મીડિયા અને ગેમિંગ પ્લેટફોર્મ પર વધતી હાજરી, તેમને સાઈબર અપરાધીઓનો આસાન શિકાર તો બનાવી જ રહી છે, ફિશિંગ, હેકિંગ, સાઈબર બુલિંગ અને ઓનલાઈન છેતરપિંડી જેવા અપરાધ બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પણ ઊંડી અસર કરી રહ્યા છે. સાઈબર અપરાધોમાં બાળકો ફસાવાનું એક મોટું કારણ તેમની ઈન્ટરનેટ સુધી આસાન પહોંચ અને તેમનામાં ડિજિટલ સાક્ષરતાની ઉણપ પણ છે. બાળકોમાં ખોટી પ્રવૃત્તિઓને ઉ?તેજન મળવામાં કોવિડ મહામારીના દોરનું પણ યોગદાન છે, જ્યારે કરોડો બાળકો ઓનલાઈન ભણવા માટે મોબાઈલના સંપર્કમાં આવ્યા હતા. અસલમાં દેશમાં સંબંધિત કાયદા હોવા છતાં ટેકનિકલ વિકાસને કારણે સાઈબર અપરાધોની વધતી જટિલતા એક પડકાર બની ગયો છે. એવામાં, કાયદા પ્રવર્તન એજન્સીઓએ તો સતર્કતાથી કામ કરવું જ પડશે, લોકોએ પણ પોતાના ડિજિટલ વ્યવહાર પ્રત્યે જાગૃત થવું પડશે. કુલ મળીને, મહિલાઓ અને બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદા વધુ પ્રભાવી રીતે લાગુ કરવાની જરૂર છે. પરંતુ એ પણ ધ્યાન રાખવું પડશે કે મહિલાઓ અને બાળકો વિરુદ્ધ વધતા અપરાધોને રોકવાના પ્રયાસ માત્ર સરકાર અને કાયદા સુધી સીમિત નથી, પરંતુ તે સામાજિક બદલાવની પણ માંગ કરે છે.

### બસ માર્શલના મુદ્દે મંત્રી સૌરભ ભારદ્વાજ નારાજ

# આ વખતે એલજીના કારણે ભાજપ ચૂંટણી હારી જશે : સૌરભ ભારદ્વાજ



(જી.એન.એસ)

નવી દિલ્હી, તા.૦૫

દિલ્હીમાં ફરી એકવાર આમ આદમી પાર્ટીની દિલ્હી સરકાર અને લેફ્ટનન્ટ ગવર્નર વચ્ચે તણાવ વધી ગયો છે. ડીટીસી બસોમાંથી હટાવવામાં આવેલા ૧૦ હજારથી વધુ બસ માર્શલોને પુનઃસ્થાપિત કરવાના મુદ્દે મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે લેફ્ટનન્ટ ગવર્નર અને ભાજપ આ મુદ્દાથી ભાગી રહ્યા છે. લેફ્ટનન્ટ ગવર્નર સરમુખત્યારની જેમ કામ કરી રહ્યા છે. જેના કારણે તે દિલ્હીમાં લેફ્ટનન્ટ ગવર્નર વિરુદ્ધ દિલ્હી બની ગયું છે. આ વખતે લેફ્ટનન્ટ ગવર્નરના કારણે ભાજપ દિલ્હીમાં ચૂંટણી હારી જશે. દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે ગઈકાલે ૩ ઓક્ટોબરે બીજેપી અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો હતો કે ૩ ઓક્ટોબરના રોજ તમામ ધારાસભ્યો અને મંત્રીઓ બસ માર્શલના મુદ્દે લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને મળવા જશે. મંત્રીએ વચન આપ્યું છે કે તેઓ બસ માર્શલની નિમણૂક માટેના કોઈપણ કાગળ અથવા ઓર્ડર પર સહી કરશે. દિલ્હી સરકારના મંત્રીઓ તેમના વચન પર જીવ્યા, પરંતુ ગઈકાલે જ્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો અને મંત્રીઓ એલજીને મળવા આવ્યા ત્યારે બસ માર્શલોએ તેમને કહ્યું કે ભાજપના ધારાસભ્યો ફોન ઉપાડતા નથી, બિજેન્દ્ર ગુપ્તાએ પણ ફોન ઉપાડ્યો ન હતો અને તેમણે આવ્યા નથી.

મંત્રીએ વધુમાં કહ્યું કે આ હજારો બસ માર્શલ ખૂબ જ ગરીબ છે. તેમની પાસે રાશનના પૈસા પણ નથી. તે પુરૂષ અને મહિલા માર્શલ ત્યાં આવ્યા હતા પરંતુ ઉપરાજ્યપાલે મળવાનો સમય આપ્યો ન હતો કે ભાજપના ધારાસભ્યો પણ આવ્યા ન હતા. છેલ્લા બે વર્ષથી, જ્યારથી વિનય કુમાર સક્સેના દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર બન્યા છે, હજારો લોકોને હટાવવામાં આવ્યા છે. હોસ્પિટલના ડેટા ઓપરેટરનો પગાર અટકાવી દેવામાં આવ્યો હતો, જ્યારે તે ચાલુ કરવામાં આવ્યો ત્યારે તે ફરીથી બંધ કરવામાં આવ્યો હતો. બસ માર્શલની નિમણૂકની પદ્ધતિ યોગ્ય ન હોવાનું કારણ આપવામાં આવ્યું હતું. તેવી જ રીતે હોસ્પિટલોમાં સિક્યોરિટી ગાર્ડ અને સફાઈ કર્મચારીઓની સંખ્યા ઓછી છે. હોસ્પિટલોમાંથી દ્રર્ફ દૂર કરવામાં આવ્યા. જ્યાં પણ તક છે ત્યાં હજારો કોન્ટ્રાક્ટ કર્મચારીઓની છટણી કરવામાં આવી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે ગઈકાલે હજારો લોકો તેમના અધિકારની માંગ કરી રહ્યા હતા અને બીજી તરફ લેફ્ટનન્ટ ગવર્નર પાસે તેમને મળવાનો સમય ન હતો અને તેના ઉપર પોલીસ મોકલવામાં આવી હતી અને તેમને ખેંચવામાં આવ્યા હતા. શું લેફ્ટનન્ટ ગવર્નર આ રીતે સરમુખત્યારશાહી ચલાવી શકે? દિલ્હીના ગરીબ લોકોને નોકરીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. સૌરભ ભારદ્વાજે કહ્યું કે પહેલા ભાજપ દિલ્હીમાં પોતાના કારણોસર હારતી હતી, આ વખતે લેફ્ટનન્ટ ગવર્નરના કારણે ભાજપ ચૂંટણી હારી જશે. જો ભાજપમાં હિંમત હોય તો તેઓ તેમના પોસ્ટર બોય લેફ્ટનન્ટ ગવર્નરના નામ અને ચહેરા પર ચૂંટણી લડે. તેમણે કહ્યું કે હાલમાં દિલ્હી વિરુદ્ધ લેફ્ટનન્ટ ગવર્નરની સ્થિતિ બની ગઈ છે. લેફ્ટનન્ટ ગવર્નર આવનારા સમયમાં હારી જશે.

મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે અમે દેખાડો કરીએ છીએ તો તમે પણ દેખાડો કરો. જેમ મને રસ્તા પર ખેંચવામાં આવ્યો હતો તેમ તમને પણ ખેંચવામાં આવ્યો હશે. અમારા પત્ર દ્વારા પુનઃસ્થાપન થતું હોય તો અગાઉ પણ પત્ર લખ્યો હોત તો પુનઃસ્થાપન થઈ ગયું હોત. લેફ્ટનન્ટ ગવર્નરની સહીથી કરવામાં આવશે, તેઓ છુપાઈને બેઠા છે. ભાજપ ગરીબોને નફરત કરે છે.

આ ગરીબ લોકો પાસેથી બદલો લેવો. બિજેન્દ્ર ગુપ્તાએ વિશેષાધિકારનો ભંગ કર્યો છે. તેને સજા થઈ હશે અને સજા થઈ ચૂકી છે. તે ગૃહ અને સ્પીકરને ખોટું બોલી રહ્યો છે. જ્યારે સુપ્રીમ કોર્ટે સ્ટેન્ડિંગ કમિટીના સભ્યની ચૂંટણી અંગે મેયરની અરજી પર એલજી પાસેથી જવાબ માંગ્યો હતો, ત્યારે મંત્રીએ કહ્યું હતું કે લેફ્ટનન્ટ ગવર્નરને ખબર નથી કે કટોકટી શું છે, જેણે કલમ ૪૮૭ લાગુ કરી અને ૧૦ વાગ્યે ચૂંટણી યોજવાનું કહ્યું. pm જ્યારે લોકો રાત્રે પહોંચી શક્યા ન હતા, ત્યારે તેઓએ બીજા દિવસે કામ કરાવ્યું હતું. એવો સવાલ સુપ્રીમ કોર્ટે કર્યો છે. પહેલા ભાજપ પોતાના કારણે હારતી હતી, આ વખતે લેફ્ટનન્ટ ગવર્નરના કારણે હારશે. લેફ્ટનન્ટ ગવર્નર ચોક્કસ કાવતરા હેઠળ કામ કરી રહ્યા છે.

વિપક્ષના અરવિંદ કેજરીવાલે એક મહેલ છોડીને બીજામાં શિફ્ટ થયા હોવાના આક્ષેપનો જવાબ આપતા ભારદ્વાજે કહ્યું હતું કે ભાજપ ચોક્કસ આક્ષેપો કરશે. આપણે તેની પાસેથી બીજી શું અપેક્ષા રાખી શકીએ? કેજરીવાલ ઓડ-ઈવન નક્કી કરે, મહિલાઓ માટે મફત બસમાં મુસાફરી કરાવે કે હોસ્પિટલ, વીજળી, શિક્ષણ, ગમે તે કામ કરે, ભાજપ માત્ર દુષ્કર્મ જ કરશે. તેણે કહ્યું કે તેની પાસેથી બીજી શું અપેક્ષા રાખી શકાય. અરવિંદ કેજરીવાલે એલજી કે ભાજપના નેતાઓના દબાણમાં રાજીનામું આપ્યું ન હતું, તેમણે સરકારી સુવિધાઓ આપી હતી અને પોતાની મરજીથી પોતાનું ઘર છોડ્યું હતું, જો ભાજપને તે સાંસદ નિવાસ સામે આટલો જ વાંધો હોય અને તેઓને લાગે કે તે આલીશાન મહેલ છે, તો પછી તમામ બીજેપીના દિલ્હીના સાંસદો એ જ છે જે બંગલામાં રહે છે.

### આવા નિયમો નાબૂદ થાય : સુપ્રીમ કોર્ટ

# જેલમાં જાતિ આધારિત ભેદભાવથી દુશ્મનાવટ વધશે : સુપ્રીમ કોર્ટ

## કેદીઓ સાથે માનવીય વર્તન કરવું જોઈએ : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી,તા.૫

ઘણા રાજ્યોની જેલોમાં જાતિ આધારિત ભેદભાવ પર આજે ગુરુવારે મોટો નિર્ણય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે, "જેલમાં જાતિના આધારે ભેદભાવ ન થઈ શકે. જેલોમાં બનાવેલ આ નિયમ નાબૂદ થવો જોઈએ. જેલ સત્તાવાળાઓએ કેદીઓ સાથે માનવીય વર્તન કરવું જોઈએ. કેદીઓ વચ્ચે વિભાજન માટે જાતિનો ઉપયોગ કરી શકાતો નથી કારણ કે તે દુશ્મનાવટ તરફ દોરી જશે. કેદીને પણ સન્માન સાથે જીવન જીવવાનો અધિકાર છે."

કોર્ટે વધુમાં કહ્યું કે, ભેદભાવ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે કરી શકાય છે. રૂઢિવાદિતા(સ્ટીરિયોટાઈપ્સ) આવા ભેદભાવને પ્રોત્સાહન આપી શકે છે, રાજ્યની સકારાત્મક જવાબદારી છે કે તે તેના પર રોક લગાવે. અદાલતોએ પરોક્ષ અને પ્રણાલીગત ભેદભાવના દાવાઓનો નિર્ણય કરવો જોઈએ. સમગ્ર ઈતિહાસમાં, જાતિ આધારિત ભેદભાવને કારણે માનવીય ગૌરવ અને સ્વાભિમાનને નકારવામાં આવ્યું છે.

કોર્ટે તેના નિર્ણયમાં કહ્યું કે, કલમ ૧૫એ તમામ નાગરિકોના બંધારણીય દરજ્જાને મજબૂત બનાવે છે. કેદીઓને સન્માન ન આપવું એ કોલોનીયલ સમયગાળાની નિશાની છે, જ્યારે તેઓને અમાનવીય બનાવવામાં આવ્યા હતા. બંધારણ આદેશ આપે છે કે, કેદીઓ સાથે માનવીય વર્તન કરવામાં આવે અને જેલ તંત્રએ કેદીઓની માનસિક અને શારીરિક સ્થિતિ વિશે જાગૃત રહેવું જોઈએ.


કોલોનીયલ કાળના ફોજદારી કાયદાની અસર કોલોનીયલ કાળ પછી પણ ચાલુ રહી છે. બંધારણીય સમાજના કાયદાએ નાગરિકો વચ્ચે સમાનતા અને સન્માન જાળવવું જોઈએ. જાતિના ભેદભાવ સામેની લડાઈ રાતોરાત લડી શકાતી નથી. આ નિર્ણય CJI ઙરૂ ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે આપ્યો છે. અરજદારે ૧૧ રાજ્યોની જેલની જોગવાઈઓને પડકારી છે કારણ કે તે મેન્યુઅલ શ્રમના વિભાજન, બેરેકના વિભાજન અને કેદીઓની ઓળખના સંબંધમાં જાતિના આધારે ભેદભાવ કરે છે. કોર્ટે કહ્યું કે, આવી જોગવાઈઓ ગેરબંધારણીય ગણાય છે. તમામ રાજ્યોને નિર્દેશ આપવામાં આવે છે કે તે નિર્ણય અનુસાર ફેરફાર કરે. રીઢા ગુનેગારો કાયદાના સંદર્ભમાં હશે, પરંતુ રાજ્ય જેલ મેન્યુઅલમાં રીઢા ગુનેગારોના આવા તમામ સંદર્ભો ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે.

દોષિત કે અન્ડરટ્રાયલ કેદીઓના રજિસ્ટરમાંથી જાતિ કૉલમ દૂર કરવામાં આવશે. આ અદાલત જેલોની અંદરના ભેદભાવની સ્વતઃ સંજ્ઞાન લે છે અને રજિસ્ટ્રીને ત્રણ મહિના પછી જેલોની અંદરના ભેદભાવની યાદી આપવા અને રાજ્યની અદાલત સમક્ષ આ નિર્ણયના પાલનનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે.

## ભારતમાં સ્માર્ટફોન અને ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સના માર્કેટ પર ચીનની મોટી પકડ છે : સર્વે રિપોર્ટમાં મોટો ખુલાસો

નવી દિલ્હી, તા.૦૫

ભારતમાં સ્માર્ટફોન અને ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સના માર્કેટ પર ચીનનો દબદબો છે. આજે, મેડ ઈન ચાઈના ઉત્પાદનો દેશના લગભગ દરેક ઘરમાં મળી શકે છે. જેના કારણે ડ્રેગનનો ખતરો પણ વધી ગયો છે. જો કે તાજેતરમાં જ મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો ખરીદવાની માંગ કરી હતી. આટલું જ નહીં, ઘણી વખત સોશિયલ મીડિયા પર ચાઈનીઝ ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનો ટ્રેન્ડ ચાલુ રહે છે, પરંતુ તેની કોઈ ખાસ અસર થતી નથી. ખરેખર, એક સર્વેમાં મેડ ઈન ચાઈના ઉત્પાદનો વિશે મોટો ખુલાસો થયો છે. આ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ૭૯ ટકા ભારતીય પરિવારો પાસે ચીનમાં બનેલા એક અથવા વધુ ગેજેટ્સ છે, જેના કારણે તેઓ પર દેખરેખનું જોખમ છે. તે જ સમયે, ૩૭ ટકા લોકો આ ઉત્પાદનો સાથે સંબંધિત એપ્સનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે ડેટા ટ્રાન્સમિશનનું જોખમ વધી ગયું છે. સર્વે અનુસાર, ૨૫ ટકા ઘરોમાં એક અથવા વધુ મેડ ઈન ચાઈના ગેજેટ્સ છે. તે જ સમયે, સર્વેમાં સમાવિષ્ટ ૫૪ ટકા ઘરોમાં ત્રણથી વધુ મેડ ઈન ચાઈના ઉપકરણો છે. આ ડિવાઈસ સાથે સંકળાયેલી ચાઈનીઝ એપ્સ સ્ટોરેજ અને પ્રોસેસિંગ માટે યુઝર ડેટા જેમ કે ફોટો અને વીડિયો ચીનને મોકલી રહી છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ભારતે તરત જ એપલ એપ સ્ટોર અને ગૂગલ પ્લે સ્ટોર સાથે કામ કરવું જોઈએ, જેથી ભારતીય લોકોનો ડેટા ચીનમાં ન જાય. સર્વે રિપોર્ટ અનુસાર, લેબનોનમાં પેજર બ્લાસ્ટ પછી, ભારત સીસીટીવી કેમેરા, સ્માર્ટ મીટર, પાર્કિંગ સેન્સર, ડ્રોન પાર્ટ્સ અને લેપટોપ અને ડેસ્કટોપને માત્ર વિશ્વસનીય સ્થાનોથી જ સોર્સ કરવાના આદેશનો સંપૂર્ણ અમલ કરી શકે છે. તમને જણાવી દઈએ કે આ વર્ષે માર્ચ અને એપ્રિલમાં સરકારે બે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યા હતા. જેમાંથી એક સર્વેલન્સ કેમેરા માટે 'મેક ઈન ઈન્ડિયા' અને બીજો સીસીટીવી પ્રમાણપત્રના માપદંડો સાથે સંબંધિત હતો. મીડિયા અહેવાલો અનુસાર, આ બંને સૂચનાઓનો હેતુ સર્વેલન્સ ઉપકરણોની સપ્લાય ચેઈનમાંથી ચીન સ્થિત વિક્રેતાઓને બાકાત રાખવાનો હતો. અગાઉ, સરકારે જાસૂસી સોફ્ટવેર ધરાવવા માટે ઘણી ચીની એપ્સ અને ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારનો આ પ્રયાસ ભારતમાં બનેલા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો પણ છે. જે બાદ સરકારે આ એપ્સ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં, કેટલાક વિકસિત દેશોએ સંવેદનશીલ ઈમારતોમાં ચાઈનીઝ કેમેરાના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે.



# દેવી વિંધ્યવાસિની તરીકે જગપ્રસિધ્ધ થયા...

## દેવી મહિમા

-કનકચંદ્ર છગનલાલ વ્યાસ

એક વાર મહર્ષિ નારદજી ફરતા ફરતા વિંધ્યાચળ પર્વત ક્ષેત્રે આવી પહોંચ્યા. આવેલા નારદજીને જોઈ વિંધ્યાચળે તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું. વાત વાતમાં મહર્ષિ નારદજીએ વિંધ્યાચળને કહ્યું,"હે વિંધ્યાચળ મારી દૃષ્ટિએ તું પણ હિમાલય જેવો મહાન છે પરંતુ તું જાણે છે કે, સૂર્યનારાયણ હિમાલય, નીલ, ગંધમાદન આદિ પર્વતોની પરિક્રમા કરે છે તું પણ તેમના જેટલો જ મહાન છે છતાં પણ તે તારી પ્રદિક્ષણા ન કરી અને રોજે રોજ તારું અપમાન કરે છે. તારું રોજે રોજ થતું અપમાન મારાથી તો જોવાતું નથી. તને આ બાબતે કોઈ તકલીફ નથી થતી ? તું તેજસ્વી હોવા છતાં તારું રોજે રોજ અપમાન થતું હોય તો તે તેજસ્વીતા શા કામની ?"

આ પ્રમાણે મહર્ષિ નારદજી દ્વારા કાનભંભેરણી થતાં વિંધ્યાચળ ક્રોધે ભરાયો. તેણે નક્કી કરી લીધું કે, "કોઈપણ હિસાબે આ અભિમાની સૂર્યનારાયણને જરૂર પાઠ ભણાવવો." બસ પછી તો પૂછવું જ શું ? મહાશક્તિ ધરાવતા વિંધ્યાચળે પોતાની ઉંચાઈમાં એટલી હદે વધારો કરી નાખ્યો કે, સૂર્યનારાયણનો રથ તે ઉંચાઈ ઉપરથી નીકળવો અશક્ય બની ગયો. જેથી અડધી ભૂમિ પર ઘોર અંધકાર છવાઈ ગયો. આ બનાવને કારણે લોકો દિવસને પણ રાત્રી સમજવા લાગ્યા તેથી યજ્ઞ, પૂજા-પાઠ વગેરે દેવકાર્યો અટકી ગયા. જેને કારણે દેવોને હવિભોજ મળવાનું બંધ થઈ ગયું. તેઓ ખૂબ જ દુઃખી બની ગયા. શું કરવું તેનો કોઈ માર્ગ દેખાતો ન હતો.

આખરે આ સંકટથી બચવા માટે બધાય દેવતાઓ બ્રહ્માજી પાસે ગયા. તેમની પાસે પોતાના દુઃખની રજુઆત કરી પરંતુ બ્રહ્માજીએ કહ્યું, "આમાં હું કંઈ પણ કરી શકું તેમ નથી માટે આપણે સૌ શિવજી પાસે જઈએ. શિવજી પાસે જઈ સૌએ આવી પડેલા દુઃખમાંથી માર્ગ કાઢી આપવા વિનંતી કરી. તેમની વિનંતીને ધ્યાને લઈ શિવજીએ કહ્યું, "તમે સૌ જે દુઃખ દૂર કરવા માટે આવ્યા છો, તેમાં હું મદદરૂપ થઈ શકું તેમ નથી. તે માટે તો આપણે વિષ્ણુ પાસે જવું પડે તેમ છે." તેથી બ્રહ્માજી, શિવજી અને બધાય દેવતાઓ વિષ્ણુ ભગવાન પાસે પહોંચ્યા. તેમના આગળ વિંધ્યાચળને લીધે ઉભી થયેલી વાત કરી. વિષ્ણુ ભગવાન બોલ્યા, "આ આખીય સમસ્યામાંથી બહાર નીકળવાનો રસ્તો અગસ્ત્ય મુનિ નામના એક મહાન દેવી ભક્ત પાસે છે. આ વિંધ્યાચળ તેનો શિષ્ય છે. મુનિના તપોબળના તેજને કારણે જ તે સૂર્યના સ્થાનને રોકી શક્યો છે. તેમાં હું વચ્ચે પડી દેવીભક્તના ક્રોધનો ભોગ બનવા માંગતો નથી. માટે તમે સૌ દેવતાઓ સાથે મળી મુનિ અગસ્ત્ય પાસે જાવ. તે અત્યારે કાશી નગરીમાં તપ કરી રહ્યા છે. તેમની પાસે જઈને વિનંતી કરો તો તેમારું કષ્ટ અવશ્ય દૂર થશે."

આ સાંભળી સૌ દેવતાઓ સાથે મળી અને સુંદર એવી શિવજીની કાશી નગરીમાં આવ્યા. ત્યાં આવી સૌએ અગસ્ત્ય મુનિને વિનંતી કરી, "હે મુનિ, વિંધ્યાચળ પર્વત તમારો શિષ્ય છે. તેના કારણે અમને એક મોટી તકલીફ ઉભી થઈ છે. તેણે પોતાની ઉંચાઈ વધારી સૂર્યનારાયણનો રથ રોકી રાક્યો છે. જેથી પૃથ્વી લોકના અડધાભાગમાં અંધકાર છવાયો છે. તેના લીધે અનેક જાતની સમસ્યાઓ ઉભી થયેલ છે. માટે અમારા કષ્ટને દૂર કરો.

ત્યારે અગસ્ત્ય મુનિએ દેવતાઓને ધીરજ રાખવા કહ્યું. પછી પોતે વિંધ્યાચળ પર્વત પાસે ગયા. ગુરૂઆવેલા જાણી વિંધ્યાચળ તેને પગે લાગવા નમ્યો. ત્યારે સૂર્યનારાયણના રથને જવાનો માર્ગ ખુલ્લો થયો. ત્યારે ગુરૂએ તેને એમને એમ નમી રહેવાની આજ્ઞા આપી. આથી દેવી ભક્ત અગસ્ત્ય મુનિની આજ્ઞાથી આજ દિવસ સુધી તે નમતો રહેલ છે. તેથી સૌ દેવતાઓએ દેવી માતાનો જય જયકાર કર્યો અને અગસ્ત્ય મુનિનો ખુબ ખુબ આભાર માન્યો.

વિંધ્યાચળે પોતાના ગુરૂ અગસ્ત્ય મુનિને પ્રાર્થના કરી, "હે ગુરૂ મારો પણ મહિમા વધે તેવું કંઈક કરો." ત્યારે દેવી ભક્ત અગસ્ત્ય મુનિએ દેવી માને પ્રાર્થના કરી કે,"હે મા તમે આ પર્વત ઉપર નિવાસ કરી પર્વતનું મહત્વ વધે તેમ કરો." આથી આ ભગવતીએ ત્યાં પોતાનું સ્થાન સ્થાપ્યું અને તે પર્વતનો મહિમા વધે તે માટે વિંધ્યાવાસીની તરીકે જગતમાં પ્રસિધ્ધ થયા.

પાપના નાશ માટેનો મંત્ર

"હિનસ્તિ દૈત્યતેજાંસિ સ્વનેનાપૂર્ય યા જગત્<br>સા ઘંટા પાતુનો દેવિ પાપેભ્યોઽનઃ સુતાનિવ."

-ઉપરોક્ત મંત્રની દરરોજ ત્રણ માળા કરવાથી પાપનો ક્ષય થાય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શ્રમ શ્રેષ્ઠ પુરૂષનો મુખ્ય મંત્ર હોય છે.

- સેનેકા

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૩ ત્રીજની વૃધ્ધિ છે તા.૫ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧, સ્વાતિ નક્ષત્ર, વિષ્કુંભ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૪૫, સૂ.અ.૬:૩૪


આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
વૃષભ:મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
મિથુન:ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
સિંહ: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજનો પાર કરી શકશો.
કન્યા: આર્થિક લાભની તક મળે. તકનો લાભ ઉઠાવી શકશો.
તુલા: વડીલ વર્ગ સાથે સંઘર્ષ થાય. વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.
વૃશ્ચિક:મનમાં આનંદ રહે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ કાઢી શકશો.
ધન: મનમાં વ્યથા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: અંગત મૂંઝવણો દૂર થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
કુંભ: સફળતા માટે મહેનત વધારજો, મિત્ર વર્તુળથી લાભ રહે.
મીન: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનવર્ગથી લાભ થાય.

# કેન્સરને મ્હાત આપી અને વોરિયર્સ થયેલા દર્દીઓ માટે રાજકોટના આંગણે વેલકમ નવરાત્રીનો કાર્યક્રમ યોજાયો







## કાલની ચિંતા છોડી અને મન મુકીને આજે જીવી લેવાના ધ્યેય સાથે માતાજીની આરાધના સાથે રાસ-ગરબાની રમઝટ બોલી

રાજકોટ તા.૫

રાજકોટના આંગણે નવરાત્રીના આગમન પૂર્વે વેલકમ નવરાત્રી માટેનો એક સરસમજાનો કાર્યક્રમ તા.૨ ઓકટોબરના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, કેન્સર ગ્રસ્ત દર્દીઓએ કેન્સરને મહાત આપી અને વોરિયર્સ થયેલા લોકોના માટે આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વોરિયર્સ થયેલા લોકો મન મુકીને ગરબે ઘુમ્યા હતા. તમામ પીડિતો અને સાજા થયેલા ખેલૈયાઓએ કાલની ચિંતા છોડી મન મુકીને આજે જીવી લેવાના ધ્યેય સાથે માતાજીની આરાધના કરી હતી અને વેલકમ નવરાત્રી પ્રસંગે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આયોજકો તરફથી ઈનામો આપી અને તેઓને પ્રોત્સાહિત કરાયા હતા.

કેન્સર કેર ફાઉન્ડેશન અને ક્લબ દ્વારા કેન્સર ગ્રસ્ત માટે રાસ ગરબા નુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતભરમાંથી ૩.૦૦૦ જેટલા કેન્સર વોરીયસ ભાગ લીધો હતો અને કેન્સરગ્રસ્ત વોરીયસ નો ઉત્સવ વધારવા માટે કથાકાર પૂ શ્રી મોરારી બાપુ પધાર્યા હતા તેવો એ આ સુંદર કાર્ય ને બિરદાવતા સંસ્થા ને અભિનંદન પાઠવ્યા હતા

વધુમાં આ કાર્યક્રમમાં પોરબંદર થી રાજકોટ ગરબે ઘૂમવા પધારેલા કેન્સર વોરીયસ ત્રિવેણી બેન લશ્કરી એ જણાવ્યું હતું કે હું સાત વર્ષ સુધી કેન્સર સામે લડી છું હવે માત્ર દવા પર સારવાર ચાલી રહી છે અને કેન્સર ને હરાવી ને ખુબ સુંદર મારા બાળકો સાથે જિંદગી માણી રહી છું.

વધુમાં ત્રિવેણી બેન લશ્કરી એ કેન્સરનાં દર્દીઓને એક સંદેશો પણ આપ્યો હતો કે, કેન્સર ગ્રસ્ત લોકો ને ઉદાસ થવાની જરૂર નથી જિંદગી જીવી લો કાલની ચિંતા કાલ પર છોડી દો સંગીત સાભળો આનંદ કરો સારાં કાર્યક્રમ એન્જોય કરો જીવન માં ઉદાસ ન રહો ખુશ રહો ખોટાં વિચાર નહીં કરો અને ત્રિવેણી બેન લશ્કરી બીજા દર્દીઓ ને પ્રેરણા આપતા કહ્યું કે મેં બહુ કઠોર પરિસ્થિતિનો સામનો કર્યો છે પતિ ની ગેરહાજરી હોવા છતાં હું કેન્સર સામે લડી છું અને બાળકો નો ઉછેર કર્યો આજે હું ખૂબ સરસ જીંદગી પુરી એનર્જી સાથે જીવું છું. એટલે મારો કહેવાનું તાત્પર્ય એ છે કે કેન્સર થી ગભરાવાની જરૂર નથી યોગ્ય સમયે સારવાર મળે તો કેન્સર મટી શકે છે.

# માંગરોળ ગોપાલ કૃષ્ણ ગૌશાળાની મુલાકાત લેતા જૂનાગઢના મહેશગીરી બાપુ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૫

માંગરોળ ગોપાલ કૃષ્ણ ગૌશાળાની મુલાકાત માટે જૂનાગઢ ભૂતનાથ મહાદેવના મહંત અને પૂર્વ સાંસદ સભ્ય મહેશગીરીબાપુ ગોપાલકૃષ્ણ ગૌશાળા ખાતે આવતા બાપુનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ગૌશાળા ની મુલાકાત લઈ બાપુએ ઘણા ઉદાહરણો પણ આપ્યા હતા પણ માંગરોળની જે ગૌશાળા છે તેની કામગીરી જોઈ ખૂબ આનંદ મય થયા હતા અને કહ્યું હતુ કે મારી કાઈ જરૂર પડે તો હુ તમારી સાથે છું. માંગરોળ ગૌશાળાની વહીવટી કામગીરી જોઈ ગૌશાળા સંચાલકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. ખાસ કરીને મૂંગા જીવ અને ગાયોની સેવા કરવી એક મોટી ભૂમિકાઓ હોય છે. જે કરવું સહેલું નથી પણ તકદીરમાં લખેલું હોય તો જ કરી શકીએ. ગૌશાળા સંચાલકો લિનેશ સામૈયા, વેલજીભાઈ મસાણી, પુંજાભાઈ બારિયા, પરેશ જોષી, ચેતન કગરાણા, રમેશ જોષી, ધનસુખ ખોરાવા અને પત્રકાર મિત્રો દ્વારા મહેશગીરી બાપુને ફૂલહાર અને સાલ ઉપર્ણ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# ભેસાણ ખાતે સ્વચ્છતા હિ સેવા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગાંધી જયંતીની ઉજવાણી

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૫



ભેસાણ ખાતે આવેલ નેરૂ યુવા કેન્દ્ર, જૂનાગઢની કચેરી દ્વારા તા.૧૭-૯-૨૦૨૪ થી ૨-૧૦-૨૪ સુધી "સ્વચ્છતા હિ સેવા-સ્વચ્છ ભારત અભિયાન"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન આજુબાજુના તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં સફાઈ અને તાલુકામાં જુદી જુદી જગ્યાએ "સ્વચ્છતા હિ સેવા સ્વચ્છ ભારત અભિયાન " લગતા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં યુવા ભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમની પુર્ણાહુતિ ગાંધી જયંતી ૨-૧૦-૨૦૨૪ના દિવસે ભેસાણના આજુ આજુબાજુના વિસ્તારમાં સફાઈ કરીને કરવામાં આવી હતી.

# સોમનાથના ત્રિવેણી સંગમ ખાતે આધુનિક ટોયલેટના બોર્ડવાળા આંગણામાં જ ગંદકીના ગંજ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૫



વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના પવિત્ર ત્રિવેણી સંગમ ગેટ પાસે પ્રવેશતા જ આધુનિક પે એન્ડ યુઝ ટોયલેટ આવેલું છે. તેમાં પ્રવેશવાના રસ્તે ત્રિવેણી સંગમને જોડતા ખાડામાં કાદવ-કીચડ તો છે જ ઉપરાંત નકામો કચરો, નાની નાની પ્યાલી, વપરાયેલા નાસ્તાની ડીશો, પિવાયેલા નાળીયેરના ખોખા, કાગળના ડુચા સહિતના બધાય કચરાઓ તેમાં ઠલવાય છે અને કીચડવાળા ગંદા પાણીમાં કમળ તો ઉગે છે પરંતુ કચરાઓને કારણે કમળની શોભા પણ મારી જાય છે. લોકો ટોયલેટમાં જતા પણ અચકાય છે. કારણ કે તેના પ્રવેશદ્વાર પાસે હવે સાવ નાની કેડીજ બચી છે. આ ખાબોચીયું પવિત્ર ત્રિવેણી સંગમને જોડતું છે અને વરસાદી પુરથી ભરાયું છે પરંતુ બેદરકાર લોકોએ તેને કચરા સરોવર બનાવી દીધું છે.

સત્તાવાળાઓ કોઈ ધ્યાન દેતા નથી. સફાઈ, સપ્તાહ અભિયાનના થોડા દિવસો બચ્યા છે તો તે કામ હાથ ઉપર લેવા જેવું છે અને આવું ભવિષ્યમાં ન બને તે માટે તંત્રે જવાબદાર અધિકારીને જવાબદારી સાથે કામ સોંપવું જોઈએ.

# વેરાવળની કોલેજ ખાતે પ્રોજેકટ લાઈફ, એનઆરજી સેન્ટર અને એનઆરજી ફાઉન્ડેશનના ઉપક્રમે સેમીનાર યોજાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૫

વેરાવળમાં આવેલ કે.એમ. સવજાની અને કે.કે.સવજાની બી.બી.એ., બી.સી.એ. અને કોમર્સે કોલેજ ખાતે પ્રોજેક્ટ ‘લાઈફ’, એન.આર.જી. સેન્ટર અને એન.આર.જી. ફાઉન્ડેશનના ઉપક્રમે સેમીનાર યોજાયો હતો.

આ સેમીનારમાં ઘણી વખત ઘરની દિકરીને વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય યુવક સાથે પરણાવવાની લ્હાયમાં પરિવારજનો ઉતાવળ કરી જતા હોય છે અને પછી પસ્તાવાનો સમય આવતો હોય છે. આપની વચ્ચે ઘણા પરિવારો એવા છે કે જેને ખબર પડે કે છોકરો વિદેશમાં છે એટલે કોઈ તપાસ કર્યા વગર દિકરીનું નક્કી કરી નાખે છે પરંતુ આટલી ઉતાવળ વ્યાજબી નથી અને આ દિશામાં આવા પરિવારોને તેમજ બહેનોને જાગૃત કરવાની સુંદર કામગીરી ગુજરાત રાજ્યનું એન.આર.જી. ફાઉન્ડેશન તેમજ રાજકોટમાં પ્રોજેક્ટ ‘લાઈફ’ સંસ્થા હેઠળ ચાલતું એન.આર.જી. સેન્ટર કરી રહ્યું છે. આ વિષય ઉપર બહેનોને સમજ આપવામાં આવી હતી.

ગુજરાત સ્ટેટ નોન રેસીડેન્ટ ગુજરાતી ફાઉન્ડેશન (ગાંધીનગર) અને પ્રોજેક્ટ ‘લાઈફ’ (રાજકોટ) દ્વારા સંચાલિત એન.આર.જી. સેન્ટર દ્વારા યોજાયેલ સેમીનારમાં ૨૫૦ જેટલી બહેનો ઉપસ્થિત રહી હતી. આ તકે મુખ્ય મહેમાન પદે જિલ્લા કલેકટર ડી. ડી. જાડેજા, મુખ્ય વકતા તરીકે વરિષ્ઠ એડવોકેટ ડો.ભાવનાબેન જોશીપુરા, વેરાવળ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી બીપીનભાઈ સંઘવી, ગિરીશભાઈ કારિયા સહીતના ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના પ્રારંભે સ્વાગત પ્રવચન એન.આર.જી. સેન્ટર રાજકોટનાં સેક્રેટરી ઋષિકેશ પંડ્યાએ કરેલ જયારે એન.આર.જી. ફાઉન્ડેશનની કામગીરી અંગે જી.એસ.એન.આર.જી.એફ. રમેશભાઈ રાવલે માહિતી આપી હતી. કલેકટર ડી.ડી. જાડેજાએ જણાવેલ કે, આ પ્રકારના સેમિનારથી બહેનોમાં અને ખાસ કરીને પરિવારોમાં જાગૃતિ આવે છે તેમ જણાવી બહેનોને કોઈપણ સંબંધ નક્કી કરતા પૂર્વે સાવધાની રાખવા અનુરોધ કર્યો હતો. આ સેમિનારના મુખ્ય વકતા ડો.ભાવનાબેન જોશીપુરાએ



બહેનોને વિદેશમાં લગ્ન કરવા સંદર્ભે કાયદાકીય સમજ આપી હતી સાથો સાથ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની માહિતી પણ આપી હતી. તેમણે પાત્ર સારૂં હોય તો પણ આંધળુકિયા નહી કરવા અને પરિવાર અંગે પૂરી તપાસ કર્યા પછી જ નિર્ણય લેવા અનુરોધ કર્યો હતો. આભારવિધિ કોલેજનાં પ્રિન્સીપાલ ડો. જીગર રાવલે કરી હતી જયારે કાર્યક્રમનું સંચાલન એન.આર.જી. સેન્ટરના ઈન્ચાર્જ રાજીવકુમાર મિશ્રાએ કર્યું હતું.

# દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજિત શ્રી નવદુર્ગા ગરબીને થયા ૧૫૦ વર્ષ દ્વારકાની સૌથી પ્રાચીન ગરબી આજ પર્યંત પરંપરાથી ચાલે છે





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૫

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાન વૃત્તિ કરનાર શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા છેલ્લા ૧૫૦ વર્ષથી દ્વારકાના હોળી ચોકમાં પરંપરાગત પદ્ધતિથી નવદુર્ગા ગરબીનું આયોજન કરવામાં આવે છે. ૧૮૭૪થી શરૂ થયેલ આ ગરબી આજ પર્યંત ચાલે છે જેમાં પુરૂષો બ્રાહ્મણોના પરંપરાગત પોશાક પહેરી નગારાના તાલ ઉપર માતાજીના છંદો ગાયને જગદંબાની ઉપાસના કરે છે. સ્વ. મંગલપ્રસાદ દેવજી દવે પરિવાર દ્વારા લગભગ સાત પેઢીથી માતાજીના છંદો ગવાય છે. વિશેષ આ ગરબી શાસ્ત્રોમાં દર્શાવેલ વિધિ વિધાનથી સગનના લાકડાની પ્રતિમાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જેમાં નવ દુર્ગાના સ્વરૂપો માતાજીના વાહનો સાથે ખૂબ જ સુંદર લાગે છે. આ વર્ષે આસો સુદ એકમના દિવસે સૂકા મેવાનો મનોરથ, લલીતા પાંચમના દિવસે લલિતા સહસ્ત્ર નામ દ્વારા સહસ્ત્રાર્ચન પૂજન, આઠમના દિવસે કુંનવારા મનોરથ તેમજ દશમના દિવસે વિશેષ ઉત્સવ ઉજવવામાં આવશે. દશમના દ્વારકામાં શોભાયાત્રા દ્વારા દ્વારકાધીશ જગત મંદિર મંદિર ચોક પાસે ગરબો લાવવામાં આવે છે અને ત્યારબાદ ભીડભંજન મહાદેવ મંદિરે ગરબો પધરાવી વિસર્જન કરવામાં આવે છે. છંદોમાં ઈશ્વર વિવાહ, રામ રાવણ, કુંતા અભિમન્યુ, કોયલા ગઢવાળી, આદ્યશક્તિનો છંદ વગેરે ખૂબ જ પ્રખ્યાત છે. આ પ્રસંગે દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી તેમજ સમસ્ત કારોબારી સમિતિ દ્વારા સમસ્ત જ્ઞાતિને ૧૫૦ વર્ષની શુભકામના પાઠવવામાં આવી હતી.


# સોમનાથમાં પોલીસની પ્રશંસનીય કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૪

સોમનાથ મંદિરે દર્શને આવેલા એક વ્યક્તિ કે જેઓ પોતાના બંને પગે પોલિયો હોય જેથી ચાલી ના શકતા અને મંદિરમાં ખૂબ જ મોટી લાઈન જોઈ દર્શન ન કરવા વિચારતા ત્યાંથી પસાર થયેલ રહેલા પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ કરમટાએ તેઓને મંદિરમાં વિકલાંગ લોકો માટે સોમનાથ ટ્રસ્ટ અને સોમનાથ સુરક્ષા પોલીસ દ્વારા જે વ્યવસ્થા કરેલી છે તેની સમજ કરી લિફ્ટ દ્વારા તેઓને ઉપર લાવી અને દર્શન કરાવેલા હતા. જ્યાં મંદિરમાં પોલીસે એક સારા અભિગમ અને પોલીસ પણ પ્રજાનો મિત્ર છે તે સાર્થક કરે છે અને તે લોકો સોમનાથ ટ્રસ્ટ અને સોમનાથ મંદિર પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.



# ગાયત્રી મહામંત્ર ખરેખર દિવ્ય છે...

## દેવી મહિમા

-કનકચંદ્ર છગનલાલ વ્યાસ

ગાયત્રી મંત્રને મહામંત્રની ઉપમા આપવામાં આવી છે. વેદ-પૂરાણોએ મહામંત્ર ગાયત્રી મંત્રનો ખૂબ જ મહિમા ગાયો છે, તો વશિષ્ઠ ઋષિ, વિશ્વામિત્ર ઋષિ, ઋષિ દયાનંદ સરસ્વતિ, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, પં. મદનમોહન માલવિયાજી વગેરે મહાપુરૂષોએ પણ મહામંત્રની ખૂબ જ પ્રસંશા કરી છે.

ભાગવત પૂરાણ ઉપરાંત શ્રીમદ્ ભાગવત ગીતામાં પણ ગાયત્રી મંત્રના મહિમાનો ઉલ્લેખ મળે છે. ભગવાન શ્રી કૃષ્ણ પણ બ્રહ્મમુહૂર્તમાં ઉઠી, દિનચર્યા પૂર્ણ કરી અને ગાયત્રી મંત્રનો જાપ કરતા હતા. ‘‘ગાયત્રી મંજરી’’માં ઉલ્લેખ મળે છે કે સાક્ષાત શિવજી મહારાજે જગત માતા પાર્વતી પાસે ગાયત્રી મંત્રના ગુણગાન ગાયા છે.

ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરો મનુષ્યના શરીરના ચોવીસ અંગો પર સુક્ષ્મ અસર કરી મનુષ્યને ઉન્નતિના રસ્તે લઈ જાય છે. આ અંગે એક જર્મન વૈજ્ઞાનિકે સંશોધન પણ કરેલું અને શાસ્ત્રોની આ વાતને અનુમોદન પણ આપેલું છે.

ગાયત્રી મંત્રનો મહિમા દર્શાવતી એક ઘટના છે. પૂર્વે વાગ્ભટ્ટ નામના એક વિદ્વાન થઈ ગયા. તેમને જીવનમાં કંઈને કઈ સમસ્યા રહ્યા કરતી. આ તમામ સમસ્યાઓની નિવૃત્તી માટે તેમણે ગાયત્રી મંત્ર વડે ગાયત્રી ઉપાસના કરવાનું નક્કી કર્યું.

આમ ગાયત્રી સાધના કરવા માટે તેમણે વૃન્દાવનને પસંદ કર્યું. વૃન્દાવનમાં જઈ અને તેમણે સતત બાર વર્ષ સુધી વિધીવત ગાયત્રી મંત્રના જાપ કર્યા. સતત બાર વર્ષ સુધી ગાયત્રી મંત્રનો જાપ કરવા છતાં તેમણે ધાર્યું હતું તેમ તેના કષ્ટ દૂર ન થયા. આથી તે વ્યથીત થયા. વ્યથીત હૃદયે તેમણે વૃન્દાવન છોડી અને ત્યાંથી કાશી જવાનું નક્કી કર્યું.

વૃન્દાવન છોડી તેઓ કાશી આવ્યા. કાશીમાં તેઓ ફરી રહ્યા હતા. ફરતાં ફરતાં એકવાર વાગ્ભટ્ટ મણિકર્ણિકા ઘાટ ઉપર પહોંચ્યા. ત્યારે એ ઘાટ પર એક તાંત્રિક પોતાની ‘‘તંત્ર-સાધના’’માં વ્યસ્ત હતા. તેમને જોઈ મનમાંને મનમાં વાગ્ભટ્ટજી વિચરાવા લાગ્યા કે,‘‘આ બધું જ વ્યર્થ છે.

પાઠ-પૂજા કરવાથી કોઈ જ લાભ નથી.’’ પોતાની શક્તિ દ્વારા એ તાંત્રિક વાગ્ભટ્ટજીના વિચારોને જાણી ગયા તેથી તેમણે વાગ્ભટ્ટજીને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું,‘‘જો ભાઈ હું ગાયત્રી મંત્રનો જાપ નથી કરતો. હું તો એક અલગ જ મંત્રનો જાપ કરું છું. તેની સાધના તમને શિખડાવું છું. તે મંત્રનો જાપ કરો પછી જુઓ કે એક વર્ષમાં તમને જે જોઈએ તે મળે છે કે નહિં !

આમ, વાગ્ભટ્ટે તાંત્રિક પાસેથી મંત્રની દિક્ષા લીધી અને મંત્રની સિધ્ધી માટે સાધના શરૂ કરી દીધી. છ મિહનામાં જ એક ચમત્કાર સર્જાયો. એક ઓળો વાગ્ભટ્ટની પાછળ આવીને ઊભો રહ્યો. તેણે વાગ્ભટ્ટને કહ્યું,‘‘માંગ માંગ માગે તે આપું...’’

વાગ્ભટ્ટ કહે છે કે,‘‘તું મારી સામે આવ, તું કોણ છે ? તે મારે જોવું છે...’’ ત્યારે તે ઓળાએ જવાબ આપ્યો,‘‘જો, હું તમારી સામે આવી શકું તેમ નથી. કારણ કે તમે મહામંત્ર ગાયત્રી મંત્રની ખૂબ જ સાધના કરેલી છે. તે શક્તિશાળી મંત્રના સાધક સામે આવી શકવાની મારી તાકાત નથી. હું એક સ્મશાન સિધ્ધી વાળી શક્તિ છું.’’

ત્યારે વાગ્ભટ્ટ બોલ્યા,‘‘જો એમ જ હોય તો એ ગાયત્રી મંત્રના જાપ કરવાથી મારા દુઃખો દૂર કેમ ન થયા ? જો તું એ જાણી શકતી હો તો મને બતાવ.’’

ત્યારે તે શક્તિ બોલી,‘‘તમારા સાત ભવના પાપ ભેગા થયા છે. જે ગાયત્રી મંત્રના જાપથી ધીરે-ધીરે બળવા લાગેલા બાર વર્ષમાં તમારા મોટા ભાગના પાપ બળી ગયા. એ દરમ્યાન જ તમે ગાયત્રી મંત્રની સાધના છોડી દીધી. બોલ હવે બીજું હું તમને શું આપું ?’’ ત્યારે વાગ્ભટ્ટ બોલ્યા, ‘‘ક્ષમા કરો ! મારે તમારી પાસેથી કંઈ જ નથી જોઈતું.’’ એમ કહી વાગ્ભટ્ટે ત્યાંથી ઉઠી કાશી નગરીને છોડી ફરી વૃન્દાવનમાં પ્રવેશ કર્યો અને ત્યાં ફરી ગાયત્રી મંત્રની સાધના કરી. તેના પરીણામ સ્વરૂપ તેમને આયુર્વેદનું અલૌકીક જ્ઞાન પ્રાપ્ત થયું અને આજે પણ તેમના ‘‘અષ્ટાંગ ગ્રંથ’’ને આમૂલ્ય માનવામાં આવે છે.

આ પ્રમાણે ગાયત્રી મહામંત્ર મહાશક્તિશાળી મંત્ર છે. તેના દ્વારા આ જગતના દરેક જીવોએ અનેક પ્રકારના સંતાપોમાંથી મૂક્તિ મેળવી અને પરમસુખની પ્રાપ્તી કરી છે. એટલે જ હાલના યુગપુરૂષ પંડિત શ્રી રામશર્મા આચાર્યજીએ ‘‘ગાયત્રી ચાલીશા’’માં ગાયત્રી મહામંત્રના ગુણગાન ગાતા કહ્યું છે કે,

‘‘મહામંત્ર જીતને જગ માહીં
કાઉ ગાયત્રી સજા નાહીં.’’

આ મહામંત્ર ગાયત્રીનો શ્રધ્ધાપૂર્વક જાપ કરી અને મનુષ્યએ પોતાની આદ્યત્મક ઉન્નતિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

રોગોનો નાશ કરવા માટેનો મંત્ર
‘‘રોગાનશેષાનપહંસી તુષ્ટા
રુષ્ટા તુ કામાન્ સકલાનભીષ્ટાન્ ।
ત્વામાશ્રિતાનાં ન વિપન્નરાણાં
ત્વામાશ્રિતા હ્યાશ્રયતાં પ્રયાન્તિ ॥

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે

# અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીના નવનિર્મિત ભવનનું લોકાર્પણ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાયની પ્રોત્સાહક ઉપસ્થિતિ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૫

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાય ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અમદાવાદ ખાતે નિર્માણ પામેલા જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટરના નવા બિલ્ડીંગનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગુજરાત પોલીસનું 'તેરા તુજકો અર્પણ' સિટિઝન સેન્ટ્રીક પોર્ટલ પણ આ પ્રંસગે લોન્ચ કરવામાં આવ્યું હતું. સાથે જ, એડીસી બેંક અને સાઈબર ક્રાઈમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયેલી સાયબર સાથી પુસ્તિકાનું આ પ્રસંગે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે, આજે નવરાત્રિના પ્રથમ દિવસે અધતન આધુનિક ટેકનોલોજીથી સજ્જ અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન થયું છે, જેનાથી અમદાવાદ શહેર પોલીસની એક નવી કાર્ય પદ્ધતિ આગામી સમયમાં પ્રસ્થાપિત થશે. આ સંદર્ભમાં કેન્દ્રીય ગૃહ મંત્રી વધુમાં કહ્યું કે, અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીનું નવનિર્મિત ભવન ૧૮,૦૬૮.૬૭ ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. આ નવનિર્મિત ભવન અદ્યતન ટેક્નોલોજીથી તેમજ પોલીસ કંટ્રોલ રૂમ, ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમ, વીડિયો એનાલિટિક્સ, ડેટા સેન્ટર, ઈમરજન્સી કૉલ બોક્સ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ અને જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ નવનર્મિત ભવનમાં પોલીસકર્મીઓના ત્યાગ અને બલિદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે શહીદ સ્મારક અને પોલીસ મ્યુઝિયમ પણ તૈયાર કરવામાં આવ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ અવસરે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રીએ અમદાવાદ ખાતે જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટરનું ઉદ્ઘાટન કરતા કહ્યું કે, અમદાવાદ શહેરમાં શરૂ થનાર આ જોઈન્ટ ઈન્ટ્રોગ્રેશન સેન્ટરમાં કેન્દ્રીય પોલીસ, કેન્દ્રની ઈન્વેસ્ટિગેશન ટીમ તેમજ રાજયની પોલીસ એકસાથે મળીને કામ કરશે. આગામી સમયમાં આ સેન્ટર થકી વૈજ્ઞાનિક ઢબે કેસ સોલ્વ કરવામાં સરળતા મળશે. દેશની આંતરિક સુરક્ષા અંગે વાત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિત શાહ એ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા દસ વર્ષમાં દેશની આંતરિક સુરક્ષામાં ખૂબ મોટું સકારાત્મક પરિવર્તન આવ્યું છે. કાશ્મીર, નોર્થ ઈસ્ટ અને નકસલવાદ પ્રભાવિત ક્ષેત્રમાં છેલ્લા દસ વર્ષમાં ૭૦ ટકા હિંસામાં ઘટાડો થયો છે જ્યારે ૭૨ ટકા મૃત્યુ પણ ઘટ્યા છે. વધુમાં વાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકારે અંગ્રેજો સમયના ત્રણ ક્રિમિનલ કાયદાઓમાં બારીકાઈપૂર્વક પરિવર્તનો કરીને ગત જુનથી દેશમાં નવા કાયદાઓ લાગુ કર્યા છે. ભવિષ્યમાં આવનારી ટેકનોલોજીની અને તેની અસરોની કલ્પના કરીને આ કાયદાઓ બનાવવામાં આવ્યા છે. જેના લીધે લાંબા સમય સુધી આ કાયદાઓને બદલવાની જરૂર રહેશે નહીં. એટલું જ નહીં, ટેકનોલોજીની મદદથી ગુનાઓને શોધવા, રોકવા અને પ્રોસીક્યુશન જલ્દી સમાપ્ત કરીને ગુનેગારોને ઝડપી સજા થાય એ માટેના પ્રોવિઝન પણ આ નવા કાયદામાં ઉમેરીને ન્યાય પ્રક્રિયાને વધુ ઝડપી અને સુસંગત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનના નેતૃત્વમાં દેશની અર્થવ્યવસ્થા તેમજ ગુજરાત પોલીસની કામગીરી વિશે વિશે વધુમાં વાત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉમેર્યું હતું કે, નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં દેશની અર્થવ્યવસ્થા ૧૧મા નંબરેથી પાંચમા નંબરે પહોંચી છે અને ૨૦૨૭ સુધીમાં વિશ્વની સૌથી મોટી ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનવા તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશા સૂચક નેતૃત્વના પરિણામે રાજયમાં હાલની પેઢીને કર્ફ્યુ શું છે એ જ ખબર નથી, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત પોલીસે ઈ-ગુજકોપ પોર્ટલ, બોડી વોર્ન કેમેરા, વિશ્વાસ પ્રોજેક્ટ સહિત ઘણા નવા ઈનીસીએટીવ હાથ ધર્યા છે. આજે દેશમાં ગુજરાત પોલીસની ઈમેજ આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ પોલીસ ફોર્સ તરીકેની છે. ગુજરાત પોલીસે નાર્કોટિક્સ અને ડ્રગ્સની બદી સામે સક્રિય કામગીરી કરીને દેશમાં ટોપ ટુ બોટમ અને બોટમ ટુ ટોપ ઈન્વેસ્ટિગેશન સાથે પ્રશંસનીય કામગીરી કરી છે. દરિયા કિનારાની સીમાથી લઈને કચ્છની સીમા સુધીની તમામ સીમાઓને ગુજરાત પોલીસે સુરક્ષિત રાખવા સક્રિય કામગીરી કરી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કમિશનર કચેરીના નવનિર્મિત સંકુલ માટે અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર હંમેશા કહેતા હોય છે કે વર્ક પ્લેસની વર્ક કલ્ચર ઉપર અસર પડતી હોય છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર કચેરીનું આ નવનિર્મિત બિલ્ડિંગ તેના વર્ક કલ્ચરને નવી ઊંચાઈ આપશે. નરેન્દ્રભાઈએ 'શક્તિ પંચામૃત'ના આધારે ગુજરાતનો વિકાસ કર્યો છે, એમાંની એક મહત્ત્વપૂર્ણ શક્તિ રક્ષા શક્તિ છે. રક્ષા શક્તિના પ્રતિનિધિ એવા પોલીસ દળે સમય સાથે નહિ, પરંતુ સમયથી બે ડગલાં આગળ ચાલવું જરૂરી છે. રાજયમાં શાંતિ-સલામતી માટે પોલીસને વધુ આધુનિક, સુસજ્જ બનાવવા પર હંમેશાં ધ્યાન અપાયું છે અને પોલીસ દળનું મનોબળ સતત વધાર્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ અને અમિતભાઈ શાહના નેતૃત્વમાં ગુજરાત સલામતી અને વિકાસના મોડલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે. એટલું જ નહીં તેમના નેતૃત્વમાં આજે દેશની આંતરિક સુરક્ષા વધારે મજબૂત બની છે. દેશમાં આતંકવાદ, ગુનાખોરી અને અસામાજિક તત્ત્વો વિરુદ્ધ ઝીરો-ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે, એમ તેમણે ઉમેર્યું હતું. જરૂરી કાયદાકીય સુધારા તથા આધુનિક ટેકનોલોજી થકી પોલીસ તંત્રને સુદ્રઢ કરાયું હોવાનું જણાવીને મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે રાજય સરકાર પોલીસને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા પ્રયત્નશીલ છે. આજે રાજ્યની પોલીસ સ્ટ્રીટ સ્પેસથી લઈને સાઈબર સ્પેસ સુધી ક્રાઈમને ડામવા વધુ સુસજ્જ બને, એવા અનેક પ્રકલ્પો કેન્દ્રીય મંત્રી અમિતભાઈના હસ્તે મળી રહ્યાનો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ નવરાત્રિના પર્વની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે રાજ્યમાં આનંદ-ઉત્સાહ અને સુરક્ષા સાથે નવરાત્રિ રંગેચંગે ઊજવાય છે, તેના મૂળમાં રાજ્યમાં શાંતિ અને શાંતિ સ્થાપવામાં પોલીસ કર્મીઓનું યોગદાન રહેલું છે. રાજ્યમાં શાંતિ-સુરક્ષાને કારણે જ વિદેશી મૂડીરોકાણ મોટા પાયે આવી રહ્યું છે તો ઉદ્યોગ-ધંધા પણ ફૂલ્યાફાલ્યા છે. ગુજરાત પોલીસના સતત પરિશ્રમ, સતર્કતા અને કાબેલિયતને કારણે જ રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલ છે, એવું તેમણે ઉમેર્યું હતું. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણ માટે આપણે ગુજરાત એટ ૨૦૪૭નો રોડમેપ ઘડ્યો છે, જેમાં નાગરિકોની સલામતીને કેન્દ્રમાં રાખવામાં આવી છે. આપણું પોલીસ દળ મલ્ટિ ટાસ્કિંગ એક્શન ફોર્સ બનીને વિકસિત અને સુરક્ષિત ગુજરાતની લક્ષ્યસિદ્ધિ માટે યોગદાન આપશે, એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા અને શ્રી અમિતભાઈ શાહ જ્યારે ગુજરાતના ગૃહમંત્રી હતા ત્યારે અસામાજિક તત્વો વિરૂદ્ધ ટ્રાન્સપરન્સી અને ઝીરો ટોલરન્સથી કામ લીધું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કાયદો અને વ્યસ્વથામાં અમદાવાદ નંબર વન બન્યું છે. ગુજરાત પોલીસ નાગરિકોની શાંતિ અને સલામતી માટે સતત સક્રિય રહીને કામગીરી કરી રહી છે. વધુમાં વાત કરતા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહે પોલીસ વિભાગની કામગીરીમાં ટેકનોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સના સક્રિય ઉપયોગ પર ભાર મૂક્યો છે. એ દિશામાં કામગીરી કરતા ગુજરાત પોલીસે હમણાં દાહોદ જિલ્લામાં વિઝન ડ્રોન નાઈટ કેમેરાથી ટેકનોલોજીના ઉપયોગ વડે ચોરોને પકડ્યા હતા. આ ઉપરાંત, ગુજરાત પોલીસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સીસીટીવી નેટવર્ક જેવી આધુનિક ટેકનોલોજીનો સક્રિયપણે ઉપયોગ કરીને સંવેદના સાથે કામગીરી કરી રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં વાત કરતા ગૃહ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ડાંગના પ્રભારી મંત્રી તરીકે અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસે પ્રોજેક્ટ દેવીના માધ્યમથી ડાકણ પ્રથા દૂર કરવા કામગીરી કરીને અનેક લોકોને નવું જીવન આપવા કામગીરી કરેલી. એ જ રીતે, વર્તમાનમાં પણ ગુજરાત પોલીસ વ્યાજખોરોના ત્રાસ સામે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને રક્ષણ આપવામાં, વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોને તેમના પરિવાર સાથે મિલન કરાવવામાં તેમજ સાયબર ક્રાઈમ અને અન્ય આધુનિક ગુનાખોરીને ડામવા તથા નાર્કોટિક્સ અને ડ્રગ્સની ચુંગાલમાંથી યુવાનોને બચાવવા માટે પ્રશંસનીય કામગીરી કરી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધી દેશને વિકસિત ભારત બનાવવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંકલ્પ છે. વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવાના મિશનમાં આંતરિક સુરક્ષા અને સલામતી મહત્વની બને છે ત્યારે ગુજરાત પોલીસ તમામ પડકારોનો સામનો કરવા તૈયાર છે. ગુજરાત પોલીસ આજે ટેકનોલોજીના માધ્યમથી ટ્રેડિશનલ પોલીસિંગને મજબૂત કરવા સાથે સાયબર ક્રાઈમ, નાર્કોટિક્સ, દરિયાઈ સુરક્ષા, મહિલા અને બાળ સુરક્ષા જેવા ક્ષેત્રે આધુનિક યુગના પડકારોને ટેકનોલોજીની મદદથી ઉકેલવા અને અસરકારક, પરિણામલક્ષી, પ્રજાલક્ષી કામગીરી કરવા પ્રતિબદ્ધ છે, એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીનું નવનિર્મિત ભવન લગભગ રૂા.૧૪૯ કરોડના ખર્ચે ૧૮,૦૬૮.૬૭ ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. આ સાત માળના ભવનમાં સીસીટીવી કેમેરા, ફાયર સેફ્ટી અને સેન્ટ્રલાઈઝડ એસીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત આ કચેરીને વીડિયો વોલ, વીડિયો વોલ કંટ્રોલર, ડેટા સેન્ટર અને નિર્ભયા પ્રોજેક્ટ અંતર્ગત સોફ્ટવેર અને એપ્લીકેશન જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવામાં આવી છે. આ આખા ભવનમાં વાઈફાઈ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. આ નવનિર્મિત ભવનમાં એક મલ્ટિપર્પઝ હોલ અને ૩ કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. કલીન અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી આ ભવનમાં ૧૫ કિલોવોટ ક્ષમતાની રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. આ સાથે ૧૦૦ કિલોવોટ ક્ષમતાની રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાનું કામ પ્રગતિમાં છે. આ સાથે પોલીસકર્મીઓની વ્યસ્ત દિનચર્યા અને તેમની આરોગ્ય સંબંધિત સમસ્યાઓને ધ્યાનમાં રાખીને આ નવી કચેરીના ભવનના બીજા માળ પર જિમ્નેશિયમની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. અમદાવાદ પોલીસના આ નવા હેડક્વાર્ટરના નિર્માણથી પોલીસ કર્મચારીઓને ફક્ત કામકાજમાં જ સરળતા નહીં રહે, પરંતુ શહેરની સુરક્ષા અને કાયદા વ્યવસ્થાનું કામ પણ વધુ સારી રીતે થઈ શકશે. મહત્વની વાત એ પણ છે કે, આ પોલીસ કમિશ્નરની નવનિર્મિત કચેરીમાં કેન્ટીનનું સંચાલન સખીમંડળની બહેનોને સોંપવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ મહિલાઓને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાનો છે.

# વેરાવળમાં સિવીલ નજીક ગેરકાયદેસર કલીનીક ચલાવતો બોગસ દાંતનો ડોકટર ઝડપાયો

## જીલ્લા કલેકટરને મળેલ બાતમીના આધારે આરોગ્ય અધિકારીએ કલીનીક ઉપર તપાસ કરતા ભાંડો ફુટયો






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૫

વેરાવળમાં રીંગ રોડ ઉપર ગેરકાયદેસર રીતે ડેન્ટલ કલીનીક ચાલતી હોવાની મળેલ માહિતીના આધારે આરોગ્ય અધિકારીએ તપાસ કરતા ડીગ્રી વગર પ્રેકટીસ કરતો બોગસ ડોકટર મળી આવતા તેની સામે ગુનો નોંધાવવા તજવીજ હાથ ધરી છે.

વેરાવળના રીંગરોડ ઉપર સિવીલ હોસ્પીટલ નજીક જ ગેરકાયદેસર રીતે એક વ્યક્તિ ડોકટરની પ્રેક્ટિસ કરતો હોવાની બાતમી જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને મળી હતી. જેને લઈ જીલ્લા આરોગ્ય અધિકારી ડો.રોય અને સીટી મામલતદાર શામળાએ સ્ટાફ સાથે બાતમી વાળા સ્થળ ઉપર તપાસ અર્થે પહોંચ્યા હતા. ત્યાં ગુરૂનાનક ડેન્ટલ લેબના નામથી જીતુસીંગ દશરથસીંગ સરદારજી ડેન્ટલ કલીનીક ચલાવી દાંતને લગતી સારવાર અનધિકૃત રીતે કરતા હોવાનું અને તેઓ પાસે ડેન્ટલ ડોક્ટરની ડિગ્રી ધરાવતા ન હોવાનું જાણવા મળેલ હતું. કલીનીકમાંથી ડેન્ચર ટીથ સેટ (કુત્રિમ દાત), દાંતના ચોકઠા ઘસવાના સાધનો,ડ્રીલ અને અન્ય ઈમ્પ્રેશન મટીરીયલ પાવડર લિક્વિડની બોટલ, સેલ્ફ ક્યોર રેઝિન, પેશન્ટ કાસ્ટ(જીપ્સમ) સહિતની સામગ્રી મળી આવી હતી. જેને લઈ આરોગ્ય અધિકારી દ્વારા ધોરણસરની પોલીસ ફરીયાદ દાખલ કરાવવા કાર્યવાહી હાથ ધરી છે.

# હવાના પ્રદૂષણ પર નિર્દેશોના અમલ માટે ખાસ ટાસ્ક ફોર્સની રચના: કેન્દ્ર

## કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સહાય ધરાવતી ૪૦ ફલાઈંગ સ્કવોડ/નિરીક્ષણ ટીમો તૈનાત કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૫

નવી દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં એર ક્વોલિટી મેનેજમેન્ટ માટેના પંચ (સીએક્યૂએમ)એ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે તેણે વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે તેના દ્વારા જારી કરાયેલા કાયદાકીય નિર્દેશોના અમલીકરણ પર દેખરેખ રાખવા અને નિરીક્ષણ માટે સ્પેશિયલ એન્ફોર્સમેન્ટ ટાસ્ક ફોર્સની રચના કરી છે. સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરવામાં આવેલા અનુપાલન અહેવાલમાં, એર ક્વોલિટી પેનલે ટાસ્ક ફોર્સ (SETF) ને મદદ કરવા સૂચના આપી હતી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સહાય ધરાવતી 40 ફલાઈંગ સ્કવોડ/નિરીક્ષણ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો આયોગના કાનૂની નિર્દેશોના ગંભીર ઉલ્લંઘનોને ઓળખવા માટે નિયમિતપણે ગુપ્ત તપાસ કરશે. જસ્ટિસ અભય એસ ઓકાની બનેલી બેન્ચને સીએક્યૂએમે જણાવ્યું હતું કે વાસ્તવિક સ્થિતિની સમીક્ષા કરવા અને તેની માહિતી લેવા અને કમિશન દ્વારા જારી કરાયેલા વિવિધ નિર્દેશો અને આદેશોના ક્ષેત્ર-સ્તરના અમલીકરણ અને પાલનની બારીકાઈથી દેખરેખ રાખવા માટે ETF વારંવાર મળે છે. પેનલે બેન્ચને જણાવ્યું હતું કે ફલાઈંગ સ્કવોડ્સે આશરે 18,976 સાઈટ્સ/યુનિટ્સ ખાતે તપાસ હાથ ધરી છે.

# નવરાત્રી પર્વને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં પોલીસની અવિરત ડ્રાઈવ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુરૂવારથી નવરાત્રી પર્વનો મંગલ પ્રારંભ થયો છે. ત્યારે આ તહેવારના દિવસોમાં કોઈ લુખ્ખા તત્વો દ્વારા લોકોને હેરાનગતિ કરવામાં ના આવે અને નવરાત્રીની ઉજવણીમાં કોઈ વિક્ષેપ ન થાય તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા એકશન પ્લાન બનાવવામાં આવ્યો છે. જેમાં અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ તથા સાગર રાઠોડની ટીમ દ્વારા નવરાત્રીના પ્રથમ દિવસથી જુદા જુદા વિસ્તારમાં પીધેલા શખ્સો તેમજ બેફામ બનેલા વાહનચાલકો અંગે ડ્રાઈવ યોજવામાં આવી હતી.

રખંભાળિયા વિસ્તારમાં પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ તેમની સાથે સર્વેલન્સ પી.એસ.આઈ. આર.આર. ઝરૂ, ડી.જી. પરમાર, એમ.એચ. ચૌહાણ અને એમ.આર. બારડ દ્વારા જુદી જુદી ટીમ બનાવીને નવરાત્રીને અનુલક્ષીને ફૂટ પેટ્રોલિંગ તેમજ નાઈટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ખંભાળિયા વિસ્તારમાંથી ગુરુવારે આઠ આસામીઓ સામે પ્રોહી. સંદર્ભે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ જ રીતે ગુરૂવારે ભાણવડ પંથકમાંથી પણ કાયદો હાથમાં લેનારા સાત શખ્સો સામે પોલીસ તંત્ર દ્વારા જુદી જુદી કલમ હેઠળ પગલાં લેવામાં આવ્યા હતા.

# જૂનાગઢ કોર્ટનો ચૂકાદો.. ચેક રીટર્નના કેસમાં આરોપીનો નિર્દોષ

જૂનાગઢ તા.૫

જૂનાગઢની જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટએ ચેક રીટર્ન અંગેના કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, જૂનાગઢના રહીશ પ્રકાશ તુલસીદાસ કારીયાએ દિપક મનહરલાલ હેમનાણી સામે જૂનાગઢની કોર્ટમાં નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ હેઠળ રૂા.૧૦ લાખ મેળવવા માટે ફરીયાદ કરેલ હતી. જે કેસની સુનાવણી નામદાર કોર્ટમાં હાથ ધરાતા આરોપીના એડવોકેટ અજય એમ. પારેખની દલીલો તથા ઉચ્ચ ન્યાયાલયના રજુ કરેલા ચુકાદાઓ ધ્યાને લઈ ફરીયાદ મુજબનું લેણું ફરીયાદી તરફે સાબિત ના થતું હોય તેમ જણાવી જૂનાગઢના નામદાર આઠમાં એડી. જયુડી. મેજી. ફ.ક. સીપ્રા સયાલએ આરોપી દિપક મનહરલાલ હેમનાણીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે.

# જૂનાગઢમાં ૧૧ દિવસ સુધી જશ્ને ગૌષે

જૂનાગઢ તા.૫

અ જૂનાગઢ શહેરમાં જશ્ને ગૌષે આઝમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે તા.૫-૯-૨૦૨૪થી ૧૧ દિવસ સુધી એટલે કે, ઈસ્લામીક મહિનાની ૧ તારીખથી લઈ ૧૧ તારીખ સુધી નાથીબુ મસ્જીદ ખાતે દરરોજ રાત્રીના ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી તકરીરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બહોળી સંખ્યામાં લાભ લેવા અકીદત મંદોને જે.એચ. ચામડીયા અને આબીદભાઈ બારેજીયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# પ્રાકૃતને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો એનાયત

મધ્ય ઈન્ડો-આર્યન ભાષાઓના સ્પેક્ટ્રમનું પ્રતિનિધિત્વ કરતી પ્રાકૃત ભારતના સમૃદ્ધ ભાષાકીય અને સાંસ્કૃતિક વારસાને સમજવા માટે અભિન્ન અંગ છે. આ પ્રાચીન ભાષા ઘણી આધુનિક ભારતીય ભાષાઓના પાયાનું કામ કરે છે એટલું જ નહીં, પરંતુ ઉપખંડની ઐતિહાસિક કથાને આકાર આપનારી વિવિધ પરંપરાઓ અને ફિલસૂફીઓને પણ સમાવી લે છે. આદિ શંકરાચાર્યના મતે, "વાચહ પ્રાકૃત સંસ્કૃતઉ શ્રુતિગીરો" - પ્રાકૃત અને સંસ્કૃત ભાષાઓ એ ભારતીય શાણપણના સાચા વાહનો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૦૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ મરાઠી, પાલી, આસામી અને બંગાળી ભાષાઓની સાથે સાથે પ્રાકૃત ભાષાઓને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવાની મંજૂરી આપી દીધી છે.

**પ્રાકૃતનું ઐતિહાસિક મહત્વ**

પ્રાકૃત ભાષાની પ્રાચીનતાને ભાષાશાસ્ત્રીઓ અને વિદ્વાનોમાં વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે. પાણિની, ચાંદ, વરરૂચી અને સામંતભદ્ર સહિતના પ્રખ્યાત આચાર્યએ તેના વ્યાકરણના માળખાને આકાર આપ્યો છે. પ્રાકૃતે મહાત્મા બુદ્ધ અને મહાવીર જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા ઉપદેશોના માધ્યમ તરીકે સેવા આપી હતી, જેનાથી તેઓ તેમના ઉપદેશોને લોકો સુધી અસરકારક રીતે પહોંચાડવામાં સક્ષમ બન્યા હતા. પ્રાદેશિક સાહિત્યમાં પ્રાકૃતની છાપ સ્પષ્ટ છે, તેની નાટ્યાત્મક, કાવ્યાત્મક અને દાર્શનિક કૃતિઓ જ્યોતિષશાસ્ત્ર, ગણિત, ભૂસ્તરશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર સહિતના વિવિધ ક્ષેત્રોમાં ફાળો આપે છે. પ્રાકૃત ભાષા માત્ર ભારતીય ભાષાશાસ્ત્ર અને બોલીઓની સમજ માટે જ પાયાની નથી, પરંતુ તે એક સમૃદ્ધ વારસો પણ પ્રદર્શિત કરે છે. રાષ્ટ્રભાષા હિન્દીની પરંપરાનો વિકાસ પ્રાકૃત-અપભ્રંસની પરંપરામાં જોવા મળે છે. વધુમાં, વૈદિક ભાષા પ્રાકૃતના નોંધપાત્ર તત્ત્વો દર્શાવે છે, જે ભારતીય ભાષાકીય વારસાના કાલક્રમિક ઉત્ક્રાંતિને સમજવા માટે આ પ્રાચીન ભાષાનો અભ્યાસ કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

**શિલાલેખો અને સાહિત્ય**

પ્રાકૃત શિલાલેખો મહત્ત્વના ઐતિહાસિક દસ્તાવેજો તરીકે કામ કરે છે, જે ભારતના ભૂતકાળની ઊંડી સમજ પૂરી પાડે છે. મૌર્ય યુગ પૂર્વેના શિલાલેખો તેમજ રાજા અશોક અને ખારવેલના શિલાલેખો મુખ્યત્વે પ્રાકૃતમાં લખાયેલા છે. આ સમૃદ્ધ સાહિત્યિક પરંપરા વિવિધ શૈલીઓને આવરી લે છે, જે પ્રાકૃતને ભારતીય ઈતિહાસ, સંસ્કૃતિ, કલા, ફિલસૂફી અને જ્ઞાન પ્રણાલીનો ભંડાર બનાવે છે. ભગવાન મહાવીર અને મહાત્મા બુદ્ધ જેવી પ્રભાવશાળી હસ્તીઓએ તેમની આંતરદૃષ્ટિ અને સિદ્ધિઓને સામાન્ય લોકો સાથે વહેંચવા માટે પ્રાકૃત ભાષામાં તેમના ઉપદેશો આપ્યા હતા. પ્રાકૃત પ્રાચીન ભારતીય સમાજની માતૃભાષા તરીકે સેવા આપતો હતો. જૈન અને બૌદ્ધ પરંપરાના પાયાના ગ્રંથો પ્રાકૃત ભાષાઓમાં લખવામાં આવ્યા હતા, જેમાં જ્ઞાન અને વિજ્ઞાનનો મૂલ્યવાન ભંડાર સમાયેલો છે. તદુપરાંત, લોકસાહિત્યના વિવિધ સ્વરૂપો પણ વિવિધ પ્રદેશોમાં પ્રાકૃત ભાષાઓના વ્યાપક ઉપયોગો દર્શાવે છે. આચાર્ય ભારતમુનિએ તેમના અંતિમ ગ્રંથ 'નાટ્યશાસ્ત્ર'માં પ્રાકૃતને કલાત્મક અભિવ્યક્તિ અને સાંસ્કૃતિક વિવિધતાથી સમૃદ્ધ, બહુમતી ભારતીયોની ભાષા તરીકે માન્યતા આપી હતી. આ સ્વીકૃતિ પ્રકૃતની સુલભતા અને સામાન્ય લોકો વચ્ચે સંદેશાવ્યવહારના માધ્યમ તરીકેના મહત્વ પર ભાર મૂકે છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે પ્રખ્યાત લખાણ "વૈશાલી અભિનંદન ગ્રંથ" (વૈશાલીને શ્રદ્ધાંજલિ) માં પ્રાકૃતના મહત્વને સ્વીકાર્યું હતું, જેમાં ભગવાન મહાવીરના જન્મસ્થળ વૈશાલીની ચર્ચા કરવામાં આવી છે. હિન્દી, બંગાળી અને મરાઠી જેવી ભાષાઓ તેમના વિકાસને પ્રાકૃત સુધી લઈ જાય છે, જે આધુનિક ભાષાઓના મૂળ અને ઉત્ક્રાંતિની વિસ્તૃત સમજ માટે પ્રાકૃત સાહિત્યને સમજવાના મહત્વ પર પ્રકાશ પાડે છે. પ્રાકૃત સાહિત્યનું સંશોધન અને પ્રકાશન ભારતીય સાહિત્યના વ્યાપક અવકાશને સમજવા માટે નિર્ણાયક છે.

**પ્રાકૃત માટે શાસ્ત્રીય ભાષાની સ્થિતિનું મહત્વ**


પ્રાકૃત ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો પ્રદાન નોંધપાત્ર સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ ધરાવે છે. પ્રાકૃત ભાષાઓ, જે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ દરમિયાન વિકસી હતી, તે ભારતના સમૃદ્ધ સાહિત્યિક વારસા, ખાસ કરીને જૈન અને બૌદ્ધ ગ્રંથોના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ કડી તરીકે સેવા આપે છે. આ માન્યતા માત્ર પ્રાકૃતના ઐતિહાસિક મહત્વને જ સ્વીકારતી નથી, પરંતુ એક માધ્યમ તરીકે તેની ઊંચાઈને પણ ઊંચી કરે છે, જેના દ્વારા પ્રાચીન ફિલસૂફીઓ, સંસ્કૃતિ અને કલાત્મક અભિવ્યક્તિઓ વ્યક્ત કરવામાં આવી હતી. પ્રાકૃતને પ્રોત્સાહન આપીને, સરકાર પ્રાચીન સાહિત્યિક પરંપરાઓને જાળવવા અને પુનર્જીવિત કરવાનું લક્ષ્ય ધરાવે છે, જે ભારતના વિવિધ ભાષાકીય લેન્ડસ્કેપની સમકાલીન સમજણને સમૃદ્ધ બનાવે છે. તદુપરાંત, આ દરજ્જો વિદ્વત્તાપૂર્ણ સંશોધનને પ્રેરણા આપી શકે છે, શૈક્ષણિક પહેલને પ્રોત્સાહિત કરી શકે છે, અને ઐતિહાસિક રીતે પ્રાકૃતનો ઉપયોગ કરનારા સમુદાયોમાં સાંસ્કૃતિક ગૌરવને પ્રોત્સાહન આપી શકે છે, આમ આધુનિક સંદર્ભમાં રાષ્ટ્રીય ઓળખ અને સાંસ્કૃતિક વારસાને વધારી શકે છે.

**નિષ્કર્ષ**

પ્રાકૃત ભાષા એ ભારતના ભાષાકીય વારસાનો પાયો છે, જે પ્રાચીન ચિંતકો અને વિદ્વાનોના સાંસ્કૃતિક અને બૌદ્ધિક યોગદાનના સમૃદ્ધ ચાકળાને પ્રતિબિંબિત કરે છે. આમજનતાની ભાષા તરીકે તેણે ભારતના ધાર્મિક, દાર્શનિક અને સાહિત્યિક પરિદ્રશ્યને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પ્રાકૃતના મહત્વને ઓળખવું એ માત્ર ઐતિહાસિક ગ્રંથોના અભ્યાસ માટે જ નહીં, પરંતુ સમકાલીન ભારતીય ભાષાઓના ઉત્ક્રાંતિને સમજવા માટે પણ નિર્ણાયક છે. પ્રાકૃત સાહિત્યને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે, અમે સુનિશ્ચિત કરીએ છીએ કે અમારા પૂર્વજોનું ડહાપણ અને જ્ઞાન ભવિષ્યની પેઢીઓને પ્રકાશિત કરવાનું ચાલુ રાખે છે, જે આપણા સાંસ્કૃતિક મૂળ અને ભાષાકીય વિવિધતા સાથે ઊંડા જોડાણને પ્રોત્સાહન આપે છે.

### એવોર્ડ આપનારા ભ્રષ્ટાચારમાં ભાગીદાર ? લોકચર્ચા

## માણાવદર પાલીકામાં સ્વચ્છતા અભિયાનના ચીથરે ચીથરા ઉડાવતી ભુગર્ભ ગટરો : બેફામ ઉભરાયને પોલ ખોલે છે





(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૫

માણાવદર પાલીકામાં સરકારશ્રી દ્વારા લાખો રૂપિયા પ્રજાજનોના હિતમાં ફાળવી લોકોની સુખાકારી સારી રહે તેવુંથી સ્વચ્છતા અભિયાન માટે ગ્રાન્ટો ફાળવે છે પરંતુ પ્રજાના બદલે પોતાના હિત માટે માત્ર ફોટા અને કાગળો ઉપર સ્વચ્છતા અભિયાન કર્યુ હોય તેવું પ્રજાજનોની ફરીયાદો તો છે જ. જો સ્વચ્છતા અભિયાન કર્યુ હોય તો શહેરમાં ઠેર ઠેર ભુગર્ભ ગટરો કેમ બેફામ ખદબદીને ઉભરાય છે તેવા પ્રશ્ન પ્રજાજનો કરી રહયા છે તે ભુગર્ભ ગટરો જ સ્વચ્છતા અભિયાનના ચીથરે ચીથરા ઉડાડતી હોય તેમ ભરાયેલી અને ઉભરાયને પોલ ખોલી રહી છે. આ બેફામ ભુગર્ભ ગટરો ભરાયેલ હોય જેના ગંદા પાણી પીવાના પાણી સાથે ભળતાં હોવાની પ્રજાજનોની ફરીયાદ ઠેરની ઠેર છે. તો પછી સરકારશ્રી દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટના બિલો કેમ અને કોને ચુકવાયા ? તે પ્રશ્ન પ્રજાજનો કરી રહયા છે. જો આવા સ્વચ્છતા અભિયાન કર્યા છે તો બેફામ ગટરો કેમ ઉભરાય છે ? તો પાલીકાને એવોર્ડ આપનારા ભ્રષ્ટાચારમાં ભાગીદાર છે કે કેમ ? તેવી પ્રજાજનોમાં ચર્ચા થઈ રહી છે. શહેરમાં અનેક રસ્તાઓમાં ખાડા યથાવત છે તે ખાડામાં માખી-મચ્છરો બેફામ છે. ડેન્ગ્યુના અનેક કેસો નોંધાયા છે તો સ્વચ્છતા અભિયાનમાં શું કર્યુ ? પીવાના પાણી પીવાલાયક નથી મળતાં તો સ્વચ્છતા અભિયાન કેવું કર્યુ ? સ્વચ્છતા અભિયાન કર્યુ તો ગટરો કેમ ખદબદે ? સ્વચ્છતા અભિયાનમાં ઘરે ઘરે કચરા ટોપલી કયાં કયાં આપી ? તેવા અનેક પ્રશ્નો પ્રજાજનોમાં ચર્ચાય છે ત્યારે જનહિતમાં કામગીરી થાય અને એવોર્ડ કેમ આપ્યો ? સરકારને માત્ર કાગળ ઉપર કામગીરી કરવામાં જ રસ છે ? તેવું સાબીત થઈ રહયું ? શાકમાર્કેટ ખદબદે તેમજ અનેક સ્થળે જોવા તપાસવા લોકમાંગ પ્રજાજનો કરી રહયા છે. અગાઉ ગટર સફાઈના પ્રકરણની તપાસવ કરવા લોકમાંગ ઉઠી છે.

## જૂનાગઢ પંથકમાં ટ્રેનની હડફેટે આવતા સિંહને ઈમરજન્સી બ્રેક લગાવી બચાવી લેવાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ બિલખા વચ્ચે ગુરૂવારના રોજ સાંજના ૬ કલાકના અરસામાં ભાવનગર રેલ્વે મંડળના લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવી સિંહને ટ્રેનની અડફેટે આવતા બચાવ્યો હતો. ભાવનગર રેલ્વે મંડળ સિંહો/વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડળના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઈલોટ નિર્ધારિત ગતિનું પાલન કરી રહ્યા છે અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર રેલ્વે મંડળના લોકો પાયલોટની તકેદારી અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૭૦ સિંહોના જીવ બચાવાયા છે. ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારે જણાવ્યું કે, તારીખ ૩ ઓક્ટોબરના સાંજે ૬ કલાકના અરસામાં લોકો પાયલટ બલીરામ કુમાર અને સહાયક લોકો પાયલટ ચિંતન કુમાર જૂનાગઢ-બિલખા સેક્શનની વચ્ચે જ્યારે એક સિંહને રેલવે ટ્રેક ક્રોસ કરતા જોવામાં આવ્યો, ત્યારે પેસેન્જર ટ્રેન નંબર ૦૯૫૪૦ જૂનાગઢ-અમરેલીને ઈમરજન્સી બ્રેક લગાવીને રોકવામાં આવી હતી. લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ)ને જાણ કરવામાં આવી હતી. થોડા સમય બાદ ફોરેસ્ટ ગાર્ડ આવ્યા અને સિંહને ટ્રેક પરથી ખસેડાયા બાદ લોકો પાયલટ દ્વારા ટ્રેનને ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી. આ કામગીરી બદલ એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર હિમાંશુ શર્મા અને અન્ય અધિકારીઓ દ્વારા લોકો પાઈલોટ્સને અભિનંદન પાઠવ્યા હતા. અત્રે નોંધનીય એ છે કે, છેલ્લા ઘણા સમયથી સાવજો રેલવે ટ્રેક નજીક આવી પહોંચે છે અને મોતને ભેટ્યાના બનાવો પણ બની રહ્યાં છે. જો કે, ગીરનું ઘરેણું સાવજોને બચાવવા માટે વનવિભાગની સાથે હવે રેલવે વિભાગ પણ સજ્જ બન્યું છે. ત્યારે જ બિલખા- જૂનાગઢ વચ્ચે પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવી સાવજનો જીવ બચાવ્યો હતો.

## દ્વારકામાં ફૂડ પોઈઝનિંગ બાદ સ્વસ્થ થયેલા આસામના લોકોને ટ્રેન મારફતે વતન રવાના કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

આસામથી દ્વારકા ખાતે આવેલા આશરે ૪૫ જેટલા યાત્રાળુઓ પૈકી કેટલાકને ફૂડ પોઈઝનિંગની અસર થતા તેમને સ્થાનિક હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ યાત્રાળુ સંઘમાં બીમાર પડેલા વ્યક્તિઓની તબિયત દુરસ્ત થઈ ગયા બાદ શુક્રવારે આ ગ્રુપના ૨૯ શ્રદ્ધાળુઓને ઓખા ગુવાહાટી એક્સપ્રેસ ટ્રેન મારફતે તેમના વતન ખાતે રવાના કરવામાં આવ્યા હતા. જે માટે તંત્ર તેઓને સહાયભૂત થયું હતું.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર ગિરીશકુમાર જે. પારેખ, એડવોકેટ, દિવાન ચોક, જુનાગઢ તે મારા અસીલ સ્વ. કનકરાય માધવજી સાંગાણી ના વારસદાર પુત્ર શ્રી સાંગાણી મનીષકુમાર

કનકરાય, રહે. જુનાગઢ વાળાની સૂચનાથી આ જાહેર નોટીસ આપુ છું કે, શ્રી ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના, જૂનાગઢ મહાનગરપાલીકા હદમાં આવેલા, ગામ ખામધ્રોળ ની બીનખેતીની જમીન રે.સરવે નં. ૧૩૦/૪ પૈકી, એ.૮-૦ ગુંઠામાં રહેણાંકના હેતુ માટે આવેલા પ્લોટો પૈકી પ્લોટોની જમીનમાં આવેલ શ્રી સિધ્ધાર્થનગર કો. ઓ. હા. સો.લી.-ખામધ્રોળ, નોંધણી નં.નઘણ/ઘ/૫/૮૩૦૭, તા.૧૪-૭-૮થી શ્રી રજીસ્ટર થયેલ સોસાયટીમાં જમીન ફાળો, શેર ફાળો, બાંધકામ હાળો વિગેરે નાણાંકીય રકમોનું રોકાણ કનકરાય માધવજી સાંગાણીએ કરતા સોસાયટી તરફથી તેઓને બ્લોક નં.૬૯, ક્ષેત્રફળ આ.ચો.મીટર ૬૩.૯૧ નો એલોટ કરેલ. અને રૂા.૨૫૦/- ના શેર સર્ટી નં.૩૨૬ થી ૩૩૦, તા.૩-૧-૧૯૮૧ થી કનકરાય માધવજી સાંગાણીના નામે આપવામાં આવેલ અને સદરહુ બ્લોક નં.૬૯ નો કબજો તેઓને સોંપવામાં આવેલ. અને સદરહુ બ્લોકના માલીક મારા અસીલના પિતાશ્રી કનકરાય માધવજી સાંગાણી નું તા.૨૧-૯-૨૦૦૩ ના રોજ અવસાન પામતા તેમની પાછળ કાયદેસરની સીધી લીટીના વારસદારમા મારા અસીલ તથા અન્યો છે. જેથી સદરહુ બ્લોક નં.૬૯ નો કબજો ભોગવટો મારા અસીલ તથા અન્યોનો વારસાઈથી આવેલ છે.

સદરહુ મારા અસીલની માલીકીના બ્લોક નં.૬૯ ના પ્રથમ એલોટી સભ્ય કનકરાય માધવજી સાંગાણીના નામના સોસાયટી તરફથી આપવામાં આવેલ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર ગુમ થઈ ગયેલ છે. આ અસલ શેર સટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર કોઈને ૫- સોંપવામાં આવેલ નથી કે બેંક, સહકારી મંડળી, ફાયનાન્સીયલ સંસ્થા, પ્રાઈવેટ સંસ્થા વિગેરે ૪ જગ્યાએ જામીનગીરીમાં કે ગીરો મુકવામાં આવેલ નથી કે આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર ઉપર કોઈ બોજો કે અન્ય કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી. તેમ છતા જે કોઈ બેંક, સંસ્થા, વ્યકિત કે અન્ય કોઈ આ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર પરત્વે કોઈ અધિકારનો દાવો કરતા હોય તો તે વ્યક્તિએ દિન-૮ માં તે મતલબની લેખીત જાણ અમોને નીચે જણાવેલ સરનામે કરવી અને મુદત દરમ્યાન કોઈના તરફથી કોઈ વાંધો નહિં આવે તો વાંધેદારોએ તેમના હકક-હિસ્સા જતા (વેઈવ) કરેલ છે તેમ માનીને મારા અસીલ લાગતી-વળગતી કચેરીમાંથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવી લેશે અને આ નોટીસની મુદત વિત્યા બાદ સદરહુ અસલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટર બાબતે કોઈના તરફથી વાંધો તકરાર ઉપસ્થિત થશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની આ જાહેર નોટીસથી નોંધ લેવી.

મુ. જુનાગઢ તારીખઃ -૧૦-૨૦૨૪

અસીલની સુચના અનુસાર

ગિરીશકુમાર જે. પારેખ (એડ.)

સાધનાબેન જી. પારેખ (એડ. એન્ડ નોટરી)

ધર્મેન્દ્રસિંહ પી. રાણા (એડ.)

દીવાન ચોક, જુનાગઢ,

મો.નં. ૯૯૦૯૫ ૭૭૪૨૩

(સહી-અવાચ્ય)

ગિરીશકુમાર જે. પારેખ

(એડવોકેટ)

## સોમનાથ-પ્રભાસ તીર્થમાં દર્શનીય, પ્રાચીન અને સંસ્કૃતિનું જતન કરતી દિવ્ય ગરબી

### સોમનાથ માં આશાપુરા ગરબી મંડળ પ્રાચીન ગરબાઓ ગાઈ કરે છે માંનું અનુષ્ઠાન



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૫

બાર જયોતિર્લીંગમાં પ્રથમ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં વેણેશ્વર મંદીર પાસે આવેલ સોમનાથ કર્મચારી સોસાયટીમાં માં આશાપુરા ગરબી મંડળ છેલ્લા ત્રીસ વર્ષથી નવરાત્રી ભક્તિમનય બને છે. ગરબી મંડળના સંચાલક ભુપત જાની કહે છે અહી માત્ર પાંચ વર્ષથી માંડી ૧૫ વર્ષ સુધીની કુમારીકાઓ જ ગરબી રમે છે. હાલ ૧૦૦થી વધુ કુમારીકાઓ ગરબી રમી રહેલ છે અને માત્ર પ્રાચીત ગરબા જ ગવાય છે અને તે પણ સંપુર્ણ સાડી ભારતીય વેષ પરીધાનમાં જ રોજ ગરબીનો પ્રારંભ જય આદ્યશક્તિ માતાજીની આરતી-દિપ પછી જ ગરબી પ્રારંભ કરાય છે. આ ગરબીમાં કોઈ ફંડ-ફાળો લેવામાં આવતો નથી. સરકારના નિયમોનું અહીં પુરૂ પાલન કરવામાં આવે અને મહિલા સુરક્ષા તાકીદે મદદ ૧૮૧ દર્શાવતાં લગાવવામાં આવેલ છે. કિશોરભાઈ કુહાડા અને જીતુભાઈ કુહાડા તેમજ તેના પરિવાર તરફથી તન, મન અને ધનથી સેવા અપાય છે. સોમનાથના વિધ્વાન બ્રાહ્મણ નાનુભાઈ પ્રચ્છક કે જેઓ આ ગરબી ચાલુ થઈ છે ત્યારથી દર વૃષે નવરાત્રીમાં હવન વિધી કોઈપણ જાતની દક્ષિણા લીધા વગર સેવાભાવે કરી આપે છે. ગરબી સમાપન રાત્રીએ સોમનાથ ટ્રસ્ટ તરફથી ગરબી લેનાર પ્રત્યેક કુમારિકાઓને સોમનાથની પ્રસાદીરૂપ સાડી અર્પણ કરવામાં આવે છે. અગીયારસ અને તેર તારીખે આ ગરબી પુર્ણાહુતી છે. આ પ્રસંગે માળીયા હાટીના લીમડા ચોકના રાસમંડળને ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું છે. ગરબી ચોકના પ્રાંગણમાં જ હનુમાનજીનું મંદિર છે. જયાં અખંડ દિવો કાયમી ધોરણે રાખવામાં આવેલ છે. ગૌશાળા, ટોયલેટ, ચેન્જીંગ રૂમ, સ્વચ્છતા, વૃક્ષ ઉછેર સહિતની સેવાઓ કરાઈ રહી છે. ગરબીની કુમારિકાઓને પ્રત્યેક દિવસે સ્વૈચ્છીક લ્હાણી ભાવિકો કરતા રહેતા હોય છે. પ્રભાસ તીર્થની આ દિવ્ય-પ્રાચીન અને મા ભક્તિમય ગરબી દર્શને અનેકો ભાવિકો આવતા હોય છે તેમ ભુપત જાની કહે છે.

## ચોરવાડ અને માંગરોળમાં જુગાર દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૫

ચોરવાડ પોલીસે કુકસવાડા ગામે બરડાધાર વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા સુભાષ પ્રવીણભાઈ સોલંકી, ચેતન જીવાભાઈ ચુડાસમા, રામભાઈ માલદેભાઈ ચારીયા, ગોપાલ રામજી જોરા, વિજય ઉર્ફે વિક્રમ હીરાભા જોરા વગેરેને રૂા. ૨૧૨૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે દિનેશ હકુભાઈ ચારીયા અને નીતુ પાચાભાઈ ચારીયા નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વીરૂધ્ધ જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે માંગરોળ મરીન પોલીસે શાપુર ગામે આવેલ ખાંભરા સીમ વિસતારમાંથી જાહેરમાં જુગાર રમતા પીયુશ બચુભાઈ ગરેજા, અનીલ કાનાભાઈ મકવાણા, પ્રકાશ મુજાભાઈ પરમારને ૧૧૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે કીરણ બાબુ પરમાર, જયેશ ખીમા સગારકા, અમુલ ઉર્ફે ભુવો ડાયા ચુડાસમા નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



